
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




તંત્રી

**ચીમનલાલ ગોકળદાસ શાહ**

તા. ૧૫-૬-૫૪ : અમદાવાદ

વર્ષ ૧૯ : અંક : ૯ ] [ ક્રમાંક : ૨૨૫

ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# विषय-दर्शन


| અંક | વિષય: | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | આત્મનિર્મળતાના પંથે : | પૂ. મુ. શ્રીમહાપ્રભવિજયજી : | ૧૪૫ |
| ૨. | એક ભૂલ ભરેલું ચિત્ર : | સંપાદકીય : | ૧૪૭ |
| ૩. | એક અનુચિત શીર્ષક : | ડૉ. શા. ક્રાઉઝે ( સુભદ્રાદેવી ) : | ૧૪૮ |
| ૪. | ધૂર્તાખ્યાન ( પરિચય ) : | પૂ. પં. શ્રીધુરંધરવિજયજી : | ૧૪૯ |
| ૫. | ઉદયન-વિહાર : | પં. શ્રી. લાલચંદ્ર ભ. ગાંધી : | ૧૫૭ |
| ૬. | જીરાવલા પાર્શ્વનાથ તીર્થસ્થાપનાનો સમય : | શ્રી. અગરચંદજી નાહટા : | ૧૬૨ |
| ૭. | એક જૈન ગ્રથમાં કુરાનની કથા : | શ્રી. ભંવરલાલજી નાહટા : | ૧૬૪ |
| ૮. | કર્મમીમાંસા : | માસ્તર શ્રી. ખુબચંદ કેશવલાલ | ૧૬૭ |
| ૯. | ટ્રસ્ટોનું દ્રવ્ય બીજા કામમાં વાપરી શકાશે નહિ : | | ટાઈટલ પેજ ત્રીજું. |


## નવી મદદ

૧૦) પૂજ્ય મુનિરાજ શ્રી. મહાપ્રભવિજયજી મ૦ ના ઉપદેશથી શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, **બાર્શી** ( સોલાપુર )

૧૦) પૂજ્ય આ. શ્રી. માણેકસાગરસૂરીશ્વરજી મ૦ ના ઉપદેશથી શ્રી જૈન સંઘ, **બુહારી**

૨) પૂજ્ય મુનિરાજ શ્રી. મહાપ્રભવિજયજી મ૦ ના ઉપદેશથી શેઠ ચંદનમલ જવારમલ, **બાર્શી** ( સોલાપુર )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


॥ ॐ अर्हम् ॥

अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक
मुनिसम्मेलन संस्थापित

श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

जेशिंगभाईनी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

| | | |
|---|---|---|
| वर्ष : १९ | વિક્રમ સં. ૨૦૧૦ : વીર નિ. સં. ૨૪૭૯ : ઈ. સ. ૧૯૫૪ | क्रमांक |
| अंक : ९ | જેઠ સુદ ૧૪ : મંગળવાર : ૧૫ જુન | २२५ |

# આત્મનિર્મળતાના પંથે

[૨]

લેખક: પૂજ્ય મુનિરાજ શ્રી મહાપ્રભવિજયજી

**આ**ત્માના વિકાસમાં માનવ જીવનની મહત્તા વિશે (ગતાંક : ૪–૫ માં) આપણે જોઈ ગયા છીએ. કેવળ માનવભવ મળવા માત્રથી વિકાસ સધાતો નથી. પહેલાં એ જિજ્ઞાસા થવી જોઈએ કે જીવન વિકાસ માટે માર્ગ કર્યો છે? નીતિકારોએ માનવજીવન મળ્યા પછી ધર્મનું શ્રવણ દુર્લભ બતાવ્યું છે.

આજના વિજ્ઞાનયુગે શ્રવણની અનેક સામગ્રી અર્પી છે. ગ્રામોફોન અને રેડિયોમાં અનેક કર્ણપ્રિય ગીતો રોજ સાંભળવા મળે છે. દૂર દેશના રોજ–બ–રોજના બનતા બનાવો પણ ઘેર બેઠે આપણે સાંભળી શકીએ છીએ. કોઈ ગાયકનાં ગીત સાંભળવાં હોય તો પૈસાના જોરે તેને ઘેર બોલાવી સાંભળી શકીએ છીએ. આ પ્રકારનું શ્રવણ તો સુલભ છે પરંતુ ધર્મનું શ્રવણ દુર્લભ છે.

સાચા ત્યાગી ગુરુ પાસેથી જ ધમર્નું શ્રવણ શકય છે. એવા ગુરુની શોધ કરવી સરળ નથી.

આજકાલ ધંધાદારી સંતોનો રાફડો ફાટયો છે. કેટલાયે ભજનિકો ધંધાદારી મહાત્માઓ બની બેઠેલા છે. એમનાં ભજન કે વ્યાખ્યાન સાંભળવા માટે ભારે કિંમત ચૂકવવી પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભજન કે વ્યાખ્યાનને એમણે એક કળા તરીકે અપનાવી હોય છે, જ્યારે એમના જીવનમાં ભજનના આદર્શની કોઈ આચરણા જોવાતી નથી. એનાથી કેવળ સમય પૂરતો આનંદ મળે ખરો પણ જીવનમાં એની કશી સ્થાયી અસર થતી નથી.

એ જ પ્રકારે જ્ઞાન પણ કદાચ વિશિષ્ટ વિદ્વાન પાસેથી કે પુસ્તક સામગ્રીથી સુલભ છે પણ જ્ઞાનની સાથે ત્યાગ અને તેના અનુભવની નિઃસ્વાર્થ વાણી સાંભળવા મળે એ જ દુર્લભ છે. જીવનને પલટાવવા માટે—સન્માર્ગે દોરવા માટે ત્યાગ જ અસર કરી શકે છે. ત્યાગની અસર કદી ભૂંસાતી નથી. ધેર બેઠે કે પૈસાના જોરે ત્યાગી મહાત્માઓની વાણી સાંભળવા મળે એ શક્ય નથી. જ્ઞાની અને ત્યાગી મહાત્માઓ મળે તો જ ધર્મનો માર્ગ સાંભળવા મળે.

આથી જ માનવભવ એ જીવન વિકાસનું પ્રથમ સોપાન છે તો ધર્મ શ્રવણ એનું બીજું સોપાન કહી શકીએ.

સાચા ગુરુઓ પાસે આવતાં જ આપણી દુર્બુદ્ધિ હટે છે, વાણી સત્યપૂત બને છે, પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય છે, પાપ નાશ પામે છે, હૃદયમાં આહ્લાદ ઉપજે છે અને છેવટે કીર્તિ ફેલાય છે.

એવા ગુરુઓની વાણી સાંભળતાં આત્માની શુદ્ધિનું જ્ઞાન મળે છે, જડ–ચેતનનો ભેદ સમજાય છે. એના પારસ્પરિક સંબંધો કેવા છે એ જણાય છે. મતલબ કે, ધર્મશ્રવણથી જ્ઞાન મળે અને જ્ઞાનથી વિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આ વિજ્ઞાન આપણને શ્રદ્ધાના માર્ગે દોરી જાય છે.

આજે વિજ્ઞાનયુગ છે. પ્રયોગથી જે હકીકત બતાવી શકાય તેના તરફ લોકોનું આકર્ષણ થાય છે.

જ્ઞાન ગમે તેટલું લઈએ પણ સાચા જ્ઞાન માટે શ્રદ્ધા ન જન્મે તો એ જ્ઞાન કશા ઉપયોગમાં આવતું નથી. જ્ઞાન આપનાર ગુરુ પ્રત્યે પણ શ્રદ્ધા ન થાય તો એ જ્ઞાન આપણામાં સંચાર પામતું નથી. આથી શ્રદ્ધા એ સંયમનું દ્વાર છે. શ્રદ્ધા હોય તો જ આપણે આચરણ તરફ–સંયમ માર્ગે આગળ વધી શકીએ છીએ.

સંયમની ભાવના જાગતાં પ્રત્યાખ્યાનની શરૂઆત થાય છે. એનાથી સંવર થાય છે એટલે કર્મોને આવવાનાં દ્વાર બંધ થાય છે. આત્મા ઉપર જે મલિન રજ લાગતી તે રોકાઈ જાય છે, એ રોકાયા પછી આત્મા ઉપર લાગેલાં પહેલાંનાં કર્મોને દૂર કરવા માટે નિર્જરા કરાય છે. નિર્જરાની પ્રક્રિયા તપ દ્વારા સધાય છે. એ તપથી જ્યારે આત્મા ઉપર લાગેલાં પહેલાંનાં કર્મો વિખેરાઈ જાય છે ત્યારે આત્મા નિર્મળ બને છે. આત્માની આવી નિર્મળતાને જ મુક્તિ કહેવામાં આવે છે. બધાં કર્મોનો નાશ કરીને આત્મા જે સ્થળે જાય અને ફરી જન્મ લેવો ન પડે તેનું નામ મુક્તિ.

આત્માની નિર્મળતાનો આ ક્રમ કેટલો સુંદર અને વૈજ્ઞાનિક છે તે આ ઉપરથી સમજાય છે.

આજે જેને વિજ્ઞાન કહેવામાં આવે છે તે વિજ્ઞાન ભૌતિક છે. એટલે પદાર્થોનું પ્રયોગ-વિજ્ઞાન છે. તેમાં ફેરફારને પણ અવકાશ રહે છે. પરંતુ હજારો વર્ષો પહેલાં જે મહાત્માઓએ પોતાની આધ્યાત્મિક સાધના દ્વારા જે વિજ્ઞાન શોધી કાઢ્યું તે આજે પણ અક્ષુણ્ણ અને અપરિવર્તનીય છે. આધ્યાત્મિક વિજ્ઞાન એ ભારતવર્ષની અને તેમાંયે કેવળી ભગવંતોએ આપણા ઉપકાર માટે આપેલી મહામૂલી ભેટ છે. એ ભેટનો ઉપયોગ સદા જાગ્રત બુદ્ધિએ સૌ કરતા રહે એમ ઇચ્છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એક ભૂલ ભરેલું ચિત્ર

**[ સંપાદકીય ]**

**મુંબઈના** ટાઈમ્સ ઓફ ઈન્ડિયા કાર્યાલય તરફથી પ્રગટ થતા 'ઇલસ્ટ્રેટેડ વીકલી'માં સને ૧૯૫૪ના મે માસની ૯મી તારીખના અંકમાં જૈન સાધુનું એક ચિત્ર રજૂ થયું છે તે સાચા ચિત્રથી એટલું બધું વેગળું છે કે તે જોઈને કોઈ પણ જૈન સાધુની ઓળખાણ ન પડે. આ વિશે પૂ. મુનિરાજ શ્રીકાંતિસાગરજીએ અમને સૂચન કર્યું ત્યારે જ જાણવા મળ્યું. 'જૈન' પત્રમાં પણ આ વિશે તેમના તરફથી સૂચન કરવામાં આવેલ છે. જ્યારે ડૉ. ક્રાઉઝે (સુભદ્રાદેવીએ) એ પત્રના સંપાદકને જૈન સાધુના આવા ભૂલભરેલા ચિત્ર વિશે પત્રથી જણાવ્યું (જે પત્ર અહીં પ્રગટ કરવામાં આવ્યો છે) છતાં તેનો તેમને હજુ સુધી જવાબ મળ્યો નથી. અમારી સમિતિ તરફથી પણ એ વિશે અમે પત્ર લખ્યો છે.

આ ચિત્રમાં જૈન સાધુને કફની પહેરેલા અને ખભે ઝોળી લટકાવતા ચીતર્યા છે, જે કોઈ રીતે યુક્ત નથી. કેમકે કોઈ પણ ફિરકાના જૈન સાધુ કફની પહેરતા નથી અને ખભે ઝોળી લટકાવતા નથી એ વાત જાણીતી છે. બીજાં ચિહ્નો પણ જૈન સાધુઓ સાથે મેળ ખાય એવાં નથી. અલબત્ત, ચિત્રની ભાવના વિશે અમારે કશું કહેવું નથી.

'ઇલસ્ટ્રેટેડ વીકલી' જેવું પ્રસિદ્ધ સાપ્તાહિક દેશ-વિદેશમાં ખૂબ પ્રચાર પામેલું છે. એવા સાપ્તાહિકમાં આવું ખોટું વિકૃત ચિત્ર રજૂ થાય ત્યારે આ દેશ કે પરદેશમાં જેઓ જૈન સાધુઓથી પરિચિત નથી તેમના ઉપર ખોટી છાપ પડે એ સમજી શકાય એવી વાત છે. વિદેશી વિદ્વાન જ્યારે જૈન સાધુનો આ ચિત્ર દ્વારા પરિચય મેળવી ભારતમાં આવે અને જૈન સાધુને મળે ત્યારે તેને સાધુના વેશ-પરિવર્તનનો વિચિત્ર ખ્યાલ આવે અથવા ખુલાસો થાય ત્યારે જ આ ચિત્રની ભૂલ એને સમજાય.

કોરી કલ્પનાથી કામ ચલાવી શકાતું નથી. નવલકથાકાર કે કવિને પણ દેશ-કાળ સાથે સામંજસ્ય જોડવું પડે છે. ત્યારે ચિત્રકારની જવાબદારી તો તેથીયે વધી જાય છે. એને તો ભાવના, વેશભૂષા, દેશ-કાળ વગેરેની તદાકારતા સાધવી પડે છે અને ચિત્રના વિષયનો સાચો ખ્યાલ આપવો પડે છે.

વળી, આ ચિત્રનો વિષય કંઈ ભૂતકાળનો બની ગયો છે એવું પણ નથી. ભારતમાં ઠેર ઠેર જૈન સાધુઓ વિચરે છે. તો પછી કેવળ કલ્પનાથી કામ લેવાની શી જરૂર? ચિત્રકારની સાથે સંપાદકે પણ આવું ચિત્ર પ્રસિદ્ધ કરવાની ભૂલ કેમ કરી હશે, એ પણ એક પ્રશ્ન જ છે.

જૈનો વિશે આવી ગેરસમજૂતીઓ ભૂતકાળમાં ઘણી થઈ હતી પરંતુ આજે તો પ્રતિદિન સામગ્રી સુલભ બનતી જાય છે. એ વિશેનું અધ્યયન પણ બહોળા પ્રમાણમાં થતું જાય છે. પરિણામે ભૂતકાળમાં થયેલી ભૂલોનો સુધાર તે તે લેખકો કે ચિત્રકારો દ્વારા આપમેળે જ થતો રહે છે.

જૈન સમાજની લાગણી દુભાય અને જૈનધર્મ સંબંધી ખોટો ખ્યાલ રજુ કરે એવા કોઈ પણ લેખ, ચિત્ર કે વિચારો માટે અમારી સમિતિ સદા જાગ્રત રહે છે. આ ચિત્ર માટે પણ અમે ઈલસ્ટ્રેટેડ વીકલીના સંપાદક અને એ ચિત્રકાર પાસેથી સંતોષકારક ખુલાસો મંગાવ્યો છે; અને અમને એ મળવાની ઉમેદ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એક અનુચિત શીર્ષક

લેખિકાઃ-ડૉ. શા. કાઉઝે ઉર્ફે સુભદ્રાદેવી, ગવાલિયર

૯ મે ૧૯૫૪ના "ઇલિસ્ટ્રેટેડ વીકલી ઑફ ઈન્ડિયા"ના પૃ૦ ૨૩૫૨માં "જૈન સાધુઓ" આ શીર્ષકનું શ્રી. બીરેન દે મહોદયનું એક ચિત્ર પ્રકાશિત થયું છે. તેમાં ત્રણ ઉઘાડા પગવાલી સાંવળી પુરુષાકૃતિઓ, લાંબી બાંહવાળા અને ગળાથી પગની ઘૂંટી સુધીના કફની જેવા ધોળા વસ્ત્રોમાં, અને મુખની આગળ કોઈ જૈન સંપ્રદાયવિશેષના મુનિઓની મુખવસ્ત્રિકા જેવા પટા ધારણ કરતા ચિતર્યા છે. ત્રણેની વચમાં, મુખ અને આગળના પગ ઊંચા કરીને એક બકરી આવી રીતે ઊભી છે જાણે તે કોઈ પૂંઠ પકડનારથી ભાગી જઈને આ ત્રણ પુરુષોના શરણમાં આવી હોય. ત્રણેમાંની પહેલી પુરુષાકૃતિ પ્રેક્ષકની સમ્મુખ ધુંટણ ઉપર બેઠેલી છે. તેનો જમણો હાથ બકરીની આગળ જાણે આ જાનવર બચાવવાની ચેષ્ટામાં લંબાવ્યો છે. બીજી બન્ને પુરુષાકૃતિઓ ઊભી રહીને બકરીની તરફ અભયદાનની મુદ્રા કરે છે, એક જમણા હાથથી, બીજી ડાબા હાથથી. જે પુરુષાકૃતિ ડાબા હાથથી અભય આપે છે તેના ડાબા ખભેથી એક રંગીન ઝોળી લટકે છે, અને તેના માથા ઉપર એક કાળી ટોપી યા તો કેશના વીંટલા જેવું દેખાય છે.

જો આ ચિત્ર, તેના શીર્ષક ઉપર લક્ષ્ય ન આપતાં ધ્યાનથી નિહાળીએ તો તે પેલી પર્સ્પેક્ટિવ હીન, સપાટ નવીન ચિત્રશૈલીને અનુસરતું "અહિંસા" વિષયનું એક અસરકારક સાક્ષાત્કરણ કહી શકાય તેમ છે.

પરંતુ શીર્ષક સંબંધી કહેવું પડશે કે જેટલા જૈન સંપ્રદાયો વિદ્યમાન છે તેઓમાંના એક પણ સંપ્રદાયના સાધુઓને માટે આવો વેષ, અર્થાત્ બાંહવાલી કફની, રંગીન ઝોળી અને મસ્તકભૂષા અનુમત હોય તેમ નથી તે આબાલગોપાલ બધાય જૈનોને સારી રીતે જ્ઞાત છે. એટલે કોઈ પણ જૈન આ ચિત્રની ત્રણ આકૃતિઓમાં "જૈન સાધુઓને" ઓળખી શકે તેમ બનવાજોગ નથી જ. જો આર્ટિસ્ટમાં જૈન સાધુઓ પ્રત્યે ખરેખર આટલી બધી ભક્તિ અને આદરભાવ હતા અને તેમનું અંતઃકરણ તેમને પોતાની ભાવનાને ચિત્રરૂપ આપવા પ્રેરિત કરતું હતું તો તેઓએ જૈન સાધુઓને સદીઓથી જૈન સાધુત્વને માટે લક્ષણભૂત અને આદરપ્રેરક વસ્ત્રોમાં જ કેમ નથી બતાવ્યા? કાર્ટૂનિસ્ટને છોડીને જે આર્ટિસ્ટ, માની લઈએ રામાયણમાંના કોઈ રાજર્ષિને ખમીસ, કોલર અને નેકટાઈમાં, યા આધુનિક જમાનાના કોઈ વિલાયતી રાજદૂતને ધોતી અને પહેરણ પહેરીને, યા કાલીદાસની શકુંતલા, અનુસયા અને પ્રિયંવદાને ટેનિસ શોર્ટસમાં ચિત્રિત કરશે, એટલે પોતાનો વિષય તેની વિશેષતાઓથી વિપરીત શૈલીમાં પ્રદર્શિત કરશે તે પોતાના ભાવપ્રકાશમાં (કે જે આધુનિક કલાનું સર્વોચ્ચ લક્ષ્ય માની લે છે) કદી પણ સફલ બની શકે તેમ નથી. આવી રીતે જૈન સાધુઓને આવા ફેન્સી ડ્રેસ જેવી વેષભૂષામાં ચિત્રિત કરવાથી આર્ટિસ્ટે ઘણાખરા જાણકાર પ્રેક્ષકોના, વિશેષતઃ જૈનોના મનમાં વિપરીત પ્રભાવ પાડ્યો છે એમ સંભળાય છે. આર્ટિસ્ટ અને વીકલીના તંત્રી મહોદયને કદાચિત આ વાતની ખબરેય ન હોય. એટલે આપણે તેમનું ધ્યાન તે તરફ ખેંચવું અને નમ્ર પ્રાર્થના કરવી જોઈએ કે તેઓ ચિત્રનું શીર્ષક બદલીને જૈન સમાજને આભારી કરશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધૂર્તાખ્યાન

## [ પરિચય ]

લેખક : પૂજ્ય પં. શ્રી ધુરંધરવિજયજી

**આ ગ્રન્થ** આચાર્યપ્રવર શ્રી. હરિભદ્રસૂરિજીએ રચ્યો છે. તેઓશ્રીની રચના એટલે તેની પ્રામાણિકતા માટે કોઈને શંકા કરવાનું રહેતું નથી. છતાં આ ગ્રન્થ એવા પ્રકારનો છે કે પુરાણ પ્રત્યે પ્રેમ અને શ્રદ્ધા ધરાવતા વર્ગને રુચે નહિ એટલું જ નહિ પણ દુઃખ ઉત્પન્ન કરે. કેટલીક સાચી વાત બીજાને દુઃખદ થઈ પડે એવી હોય છે છતાં તે કહેવી અનિવાર્ય થઈ પડે છે. આ ગ્રન્થ પણ તેવા પ્રકારનો છે.

શ્રી. હરિભદ્રસૂરિજી મૂળ-પૂર્વાવસ્થામાં બ્રાહ્મણ હતા એટલું જ નહિ પણ બ્રાહ્મણમાન્ય સર્વ શાસ્ત્રોમાં પારંગત હતા. જૈન દર્શનમાં તેઓ આવ્યા અને તેમણે નિષ્પક્ષપાતપણે તર્ક-યુક્તિથી અનેક અન્ય દર્શનોની અસંગત વાતોનું ખંડન કરતા ગ્રન્થો રચ્યા. બુદ્ધિને કસોટીએ ચડાવે ને મોટા વિદ્વાનની વિદ્વત્તાનો મદ ગાળી નાખે એવા તેમના ગ્રન્થો આજ પણ વિદ્યમાન છે. એમના એક એક ગ્રન્થમાંથી કોઈ જુદા જ પ્રકારનો પ્રકાશ મળે છે. તેમના બધા ગ્રન્થોમાં આ ગ્રન્થ કોઈ જુદી જ ભાત પાડે છે.

આ સિવાયના તેમના બીજા ગ્રન્થોનું મનન કરીને તેમના વિષે પ્રામાણિકપણે પણ જો કોઇએ અભિપ્રાય બાંધ્યો હોય તો ક્ષણભર આ ગ્રંથ તેમણે રચ્યો હશે કે કેમ એવી શંકા થઈ આવે, છતાં આ ગ્રન્થ તેઓશ્રીએ રચ્યો છે એ નિર્વિવાદ છે.

આ ગ્રન્થમાં જે વિષય ગુંથવામાં આવ્યો છે તે વાંચતાં ગમ્મત આવે છે, તે સાથે પૌરાણિક ઉપહાસ પણ ભારોભાર છે તે વાંચતાં એક પ્રકારની ઘૃણા પણ ઉપજે છે-પુરાણો પ્રત્યે.

ગ્રન્થમાં યોજાયેલી વાત ટૂંકમાં નીચે પ્રમાણે છે.

●

**માલવદેશમાં** ઉજ્જૈની નગરીની ઉત્તર દિશાએ એક ઉદ્યાન છે. તેમાં દરેક વાતે પૂરા કેટલાક ધૂર્તલોકો ભમતા ભમતા આવ્યા. એ લુચ્ચા લોકોમાં પાંચ જણા મુખ્ય હતા. તેમાં ચાર પુરુષ હતા અને એક સ્ત્રી હતી. પુરુષોનાં નામ-મૂળદેવ, કંડરીક, એલાષાઢ અને શશક-એ પ્રમાણે હતાં અને સ્ત્રીનું નામ ખંડવણા હતું. તે દરેકના હાથ નીચે પાંચસો પાંચસો ધૂર્તો કામ કરતા હતા. ખંડવણા સ્ત્રીના હાથ નીચે પાંચસો ધૂર્ત-ઠગારી સ્ત્રીઓ હતી. એમ સર્વ મળી અઢી હજાર ધૂર્તનો સમૂહ એકઠો થયો હતો. ઉજ્જૈની જેવી મોટી નગરી એટલે ચોરે ચૌટે બધા ફરતા અને આજીવિકા ઊભી કરી લેતા. પણ ચોમાસાના દિવસોમાં એક વખત આઠ-દિવસ સુધી ખૂબ વરસાદ પડ્યો; તેમાં ધૂર્તોનું કામકાજ ભાંગી પડ્યું. રસ્તામાં કોઈ આવે જાય નહિ એટલે તેઓ કોને ધૂતે! છેવટે બધા એકઠા થયા અને ખાવા માટે શું કરવું તેના વિચારમાં પડ્યા. બધા ભૂખ્યા હતા, કોઈની મતિ ચાલતી ન હતી. ત્યારે મૂળદેવે કહ્યું કે, આપણે જે સાંભળ્યું હોય કે અનુભવ્યું હોય તેની વાત કરીએ અને તે વાત ગમે તેવી હોય છતાં સાંભળનારે તેને પુરાણથી સાબિત કરી આપવી. જો સાબિત ન કરી આપે તો તે બધાને ખવરાવવાનું માથે લે. આ આ શરત પ્રમાણે તેણે સહુ પહેલાં એક વાત કરી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મૂળદેવની વાત**—જુવાનીના સમયમાં મારે સંપત્તિ મેળવવી હતી. તે માટે મારા સ્વામીને પ્રસન્ન કરવા માટે છ માસ સુધી સતત માથે જલધારા ધારણ કરવાનું તપ મારે કરવાનું હતું. તે માટે હું ચાલ્યો. માર્ગમાં મોટું જંગલ આવ્યું, ત્યાં જંગલમાં એક પહાડ જેવો મોટો હાથી મદોન્મત્ત થઈને મારી પાછળ પડ્યો. હાથીથી બચવા માટે હું મારી પાસે કમંડલુ હતું તેમાં પેસી ગયો. મારી પાછળ હાથી પણ તેમાં પેઠો. છ મહિના સુધી તેમાં મેં હાથીને ફેરવ્યો. છેવટે કમંડલુના કંઠના કાણામાંથી હું બહાર નીકળ્યો. મારી પાછળ હાથી પણ નીકળવા ગયો. તે આખો નીકળી ગયો પણ તેના પૂંછડાનો એક વાળ તેમાં સલવાઈ ગયો ને હાથી અટકી ગયો. હું દોડતો દોડતો જતો હતો ત્યાં એક મોટી ગંગા નદી આડી આવી. તેના અગાધ પ્રવાહને મેં બે હાથે પાર કરીને છ માસ સુધી જલધારાનું તપ કરીને મહસેન સ્વામીને પ્રસન્ન કરીને અહીં આવી તમને મળ્યો. બોલો આ વાત સાચી છે કે ખોટી?

કંડરીકે કહ્યું કે, તમારી વાત સાવ સાચી છે. રામાયણ, મહાભારત, પુરાણ વગેરેમાં આવી વાતો ઘણી આવે છે. બ્રહ્માના શરીરમાં બ્રહ્માંડ રહે, જેનો વિષ્ણુ અને બ્રહ્મા પાર ન પામ્યા એવું શિવજીનું લિંગ ઉમાના શરીરમાં સમાય, વાંસના એક પર્વ–ગાંઠામાંથી સો કીચક જન્મે તો તું અને હાથી કમંડલુમાં સમાઈ જાઓ તેમાં શું નવાઈ? શિવની જટામાં હજાર વર્ષ સુધી ગંગા છુપાઈ ગઈ તો કમંડલુમાં છ માસ તું છૂપાઈ રહે તે જૂઠ કેમ કહેવાય? વિષ્ણુની નાભિમાંથી બ્રહ્મા નીકળ્યા અને કમળતંતુ અટકી ગયું તો કમંડલુના છિદ્રમાં હાથીનો વાળ અટકી જાય એ બરાબર છે. કુંતીના કાનમાંથી કર્ણ જેવો કર્ણ જન્મે તો કમંડલુના કાણામાંથી તમે નીકળો તેમાં શું? હનુમાન બે હાથે મોટો સમુદ્ર તરી ગયા તો તમે આ ગંગા નદી બે હાથે તરો એ અસંભવિત નથી. સ્વર્ગમાંથી પડતી ગંગા હજાર વર્ષ સુધી જટામાં શિવે ધારણ કરી તો તેં છ માસ સુધી જલધારા ધારણ કરી એમાં આશ્ચર્ય કાંઈ નથી.

એ પછી કંડરીકે પોતાની વાત કહેવા માંડી:—

**કંડરીકની વાત**—હું નાનપણમાં ઘણો તોફાની હતો, તેથી મને મારા માબાપે ઘેરથી કાઢી મૂક્યો. હું ભમતો ભમતો એક ગામ ગયો ત્યાં જુદા જુદા ઘણાં પશુઓ હતાં. ગામની બાજુમાં એક મોટું વન હતું. ત્યાં આકાશમાં વાદળ ચડી આવ્યાં ન હોય એવો મોટો વડ હતો. તેની નીચે કમલ નામે એક યક્ષ રહેતો હતો. ઘણા લોકો તેના ભક્ત હતા. હું પણ તેને પ્રણામ કરવા ગયો. ત્યાં ઘણા લોકો ભેળા થયા હતા. એટલામાં ચોરની મોટી ધાડ પડી. બધા ગભરાઈ ગયા. તે બાજુમાં એક ચીભડું હતું તેમાં છૂપાઈ ગયા ને ધાડ પાછી ફરી. એ ચીભડું એક બકરી ગળી ગઈ. બકરીને એક અજગર ગળી ગયો. તે અજગરને એક ઢંક નામે પક્ષી ગળી ગયું ને તે પક્ષી ઊડીને વડ ઉપર બેઠું. વડ નીચે એક રાજાની સેના આવી. તેમાં રાજાનો પટ્ટહસ્તી હતો. પક્ષીનો એક પગ નીચે લટકતો હતો. તેને વડની ડાળ સમજીને તેની સાથે હાથીને બાંધ્યો. પક્ષીએ પગ ઊંચો લીધો. હાથી ઊંચે તણાયો. મહાવતે તે જોઈને બૂમ પાડી. રાજા આવ્યો, શબ્દવેધી સુભટો આવ્યા ને તેઓએ ઢંક પંખીની પાંખ છેદી નાખી. પંખી નીચે પડ્યું. રાજાએ તેનું પેટ ચીર્યું, તેમાંથી અજગર નીકળ્યો, અજગરને ચીર્યો તો બોકડી નીકળી. બોકડીનું પેટ ચીર્યું તો ચીભડું નીકળ્યું. ચીભડું ચીર્યું તો અમે બધા નીકળ્યા. પછી બધા રાજાને નમન કરીને ઘેર ગયા ને હું અહીં આવ્યો. જો આ સત્ય હોય તો સાબિત કરો ને મિથ્યા હોય તો ભોજન કરાવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કંડરીકની વાત સાંભળીને એલાષાઢે કહ્યું કે, તારું કહેવું સત્ય છે. વિષ્ણુએ એક ઈંડુ મૂક્યું ને તેમાંથી વિશ્વ નીકળ્યું તો તમે બધા ચીભડામાં સમાઈ જાઓ તે યથાર્થ છે. માર્કંડેય મુનિએ પોતાનો અનુભવ યુધિષ્ઠિર ને કહ્યો તે વાત આરણ્યપર્વમાં આવે છે. તેના પ્રલય-કાળે એક વડ ઉપર એક બાળક બેઠો હતો. ઋષિએ તેને બચાવવા હાથ લાંબો કર્યો ને બાળક ઋષિને ગળી ગયો. હજારો વર્ષ સુધી ઋષિ તે બાળકના પેટમાં ભમ્યો ને ત્યાં સુરાસુર–ચરાચર વિશ્વ જોયું પણ તેનો પાર ન પામ્યા ને છેવટે બહાર નીકળ્યા તો તમે બધા ચીભડામાં જરૂર રહી શકો. *દેવકીની કુક્ષિથી જન્મેલા કૃષ્ણે મોઢું પહોળું કર્યું તો તેમાં ચરાચર વિશ્વ જોઈને દેવકી ચકિત થઈ ગઈ. તો તમારા ચીભડા વગેરેની વાત કેમ ખોટી કહેવાય? અને તમે બધા જેમ કૃષ્ણના પેટમાં જીવતા રહ્યા તેમ રહી શકો. વળી દ્રૌપદીના સ્વયંવરમાં એક ધનુષ્ય ઉપર પર્વત આદિ રહ્યા હતા તો પક્ષી વગેરે મોટા હોય તેમાં શું નવાઈ! પહાડ જેવો જટાયુ પક્ષી હતો તે તમે પણ ક્યાં નથી જાણતા? તો તમારી ઢિંક પંખિણી તમે કહો છો તેવી વિશાળ હોય તેની ના અમારાથી ન પડાય.

એટલે આ બધું તો ઠીક પણ હું એક વાત કહું છું તે સાંભળો ને સાચી લાગે તો સાચી કરી બતાવો ને નહિ તો બધાનાં પેટ ઠારોઃ—

**એલાષાઢની વાત—**હું જુવાનીમાં ધન માટે ધાતુવાદ શીખ્યો ને તે માટે પૃથ્વી પર ભમતાં મેં જાણ્યું કે પૂર્વ દિશામાં હજાર યોજન દૂર એક પર્વત છે. ત્યાં સહસ્રવેધી રસ છે. તે રસકૂપ ઉપર એક યોજનની મોટી શિલા ઢાંકી છે. હું સો સો યોજનનાં પગલાં ભરતો ત્યાં ગયો અને તે શિલા ઉપાડીને સ્વર્ણકૂપમાંથી રસ લઈને ઘેર આવ્યો. અઢળક સોનું બનાવ્યું અને કુબેરની માફક ભોગ ભોગવતો ને દાન દેતો પ્રસિદ્ધ થયો. એક વખત મારે ત્યાં પાંચસો ચોર આવ્યા, મને ઘણો ક્રોધ ચડ્યો, મેં એક બાણ માર્યું ને દશ ચોરને મારી નાખ્યા. બધા ચોરો એકસામટા મારા ઉપર તૂટી પડ્યા, મારાં અંગેઅંગ છેદી નાખ્યાં, મારું માથું લોહી નીતરતું એક બોરડીને ઝાડે લટકાવી દીધું. મારું માથું ત્યાં બોર ખાવા લાગ્યું. સવારે લોકોએ જોયું. મારાં બધાં અંગો એકઠાં કરીને માથું મૂક્યું ને હું જીવતો થયો. આ મારી અનુભવેલી વાત છે. સાચી માનો કે જૂઠી!

શશકે તેને કહ્યું કે, આ વાતને જૂઠી કેમ કહેવાય? જમદગ્નિની સ્ત્રી રેણુકાનું માથું, તેના પુત્ર પરશુરામે છેદ્યું હતું ને વળી ઋષિએ તેને જીવતી કરી હતી. જરાસંધના બે ખંડ જરાથી સંધાયા હતા. સુંદ અને ઉપસુંદને મારવા માટે દેવતાઓએ તલ–તલ જેટલું સૌન્દર્ય આપીને તિલોત્તમા અપ્સરાને ઘડી હતી. સૂર્યને ફળ માનીને હનુમાને પકડ્યો હતો અને સૂર્યે તેને પછાડીને ટુકડે ટુકડા કરી નાખ્યો હતો. પાછળથી બધા તેના અવયવો ભેગા કરી તેને દેવોએ જીવતો કર્યો હતો. એક હનુ–નમણું ન મળ્યું છતાં તે હનુમાન કહેવાયો. મહાદેવના પુત્ર સ્કન્દની ઉત્પત્તિ પણ એવી જ પ્રસિદ્ધ છે. ૭ કૃત્તિકાએ ૭ અવયવો મુખવાળા જનમ્યા

* આ હકીકતને પુષ્ટ કરતો સાહિત્યમાં પ્રચલિત એક સુંદર શ્લોક આ પ્રમાણે છેઃ—

कृष्णेनाम्ब ! गतेन रन्तुमधुना, मृद् भक्षिता केवलं,
सत्यं कृष्ण ! क एवमाह मुशली, मिथ्याम्ब ? पश्याननम् ।
व्यादेहीति विदारिते शिशुमुखे, माता समग्रं जगद्,
दृष्ट्वा यस्य जगाम विस्मयपदं, पायात् स वः केशवः ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને તે સંધાઈ ગયાં તેથી એ ષણ્મુખ પ્રસિદ્ધ થયો. આ સર્વ સત્ય છે તો તું જીવતો થયો તે અસત્ય કેમ માની શકાય ?

વળી કૃષ્ણના ચક્રથી છેદાયેલું રાહુનું મસ્તક સૂર્ય અને ચન્દ્રને ગ્રસે છે તો તારું મસ્તક બોર થાય તેમાં શું ? કૃષ્ણે ત્રણ પગલાંમાં બધી પૃથ્વી આક્રમી હતી તો તું એક એક ડગલે સો યોજન ભૂમિ ઉલ્લંઘે તે પણ બરાબર છે. હનુમાન આખો દ્રોણ પર્વત ઉપાડીને લક્ષ્મણને માટે વિશલ્યાની જરૂર હતી ત્યારે લાવ્યા હતા તો તું એક યોજન શિલા ઉપાડે તેમાં શું નવાઈ ! કૃષ્ણે વરાહરૂપે દાઢમાં આખી પૃથ્વી પણ ઉપાડી જ હતી ને ? એ ક્યાં છાનું છે ? માટે તારી વાત ન માનવા જેવી અમને લાગતી નથી પણ મારી વાત કહું છું, તે તમે માનો કે ન માનો એવી વિચિત્ર છે. માનશો તો સાબિત કરી આપવી પડશે અને નહિ માનો તો બધાને ભોજન કરાવવું પડશે. ઠીક ચાલો, મારી વાત સાંભળો.

**શશકની વાત**–એક વખત શરદ્ ઋતુના સમયમાં મારા ગામથી દૂર એક પર્વતની પાસે એક ખેતરમાં હું ગયો. તે વખતે એક વનનો હાથી મદોન્મત્ત થઈને પહાડ ઉપરથી ઊતરી મને મારવા દોડયો. ત્યારે હું ત્યાં એક મોટું તલનું ઝાડ હતું તેના ઉપર ચડી ગયો. હાથી તે ઝાડને સૂંઢમાં પકડી ખૂબ જોરથી હલાવવા લાગ્યો તેથી ઘણા–પારવાર વગરના તલ નીચે પડયા. હાથી તે તલને ખૂંદવા લાગ્યો એટલે જેમ ઘાણીમાં પીલાય તેમ તે બધા તલ પીલાઈ ગયા ને તેમાંથી તેલની મોટી નદી વહેવા લાગી. તે તલના ખોળમાં હાથી ખૂંતી ગયો અને ભૂખે તરસે મરણ પામ્યો. હું નીચે ઊતર્યો ને હાથીનું ચામડું ઉતારીને તેનો એક મોટો ગાડવો બનાવ્યો. દશ ઘડા જેટલું તેલ મેં પીધું અને પેટ ભરીને ખોળ ખાધો. પછી પેલો ગાડવો તેલથી ભરીને તલના ઝાડ ઉપર નિશાન કરીને લટકાવી રાખ્યો. ઘેર આવીને મેં મારા પુત્રને તે લેવા મોકલ્યો. તે ત્યાં ગયો પણ તેને તે ગાડવો મળ્યો નહિ એટલે તે તલનું આખું ઝાડ ઉખેડીને ઘેર લઈ આવ્યો. બધા લોકો એ જોઈ રહ્યા અને હું પણ મારા પુત્રને હેમખેમ ઘેર આવેલો જાણીને અહીં આવ્યો.

આ મારી વાત છે. સાચી હોય તો સાચી કરી બતાવો. નહિ તો ભોજન કરાવો.

શશકની વાત સાંભળીને ખંડપાના ધૂતારીએ કહ્યું કે—ભાઈ શશક, તું કહે છે તે વાત સત્ય છે. શાસ્ત્રમાં એવી ઘણી વાતો આવે છે. પાટલિપુરમાં માષના–અડદના મોટાં ઝાડની મોટી ભેરી કરીને વગાડી હતી એ શાસ્ત્રપ્રસિદ્ધ છે, તો તલનું ઝાડ મોટું હોય તે બરાબર છે. મહાભારતમાં આવે છે કે–તે યુદ્ધ સમયે મદઝરતા હાથીઓના મદની નદી ચાલી ને તેમાં કેટલાયે હાથી–રથ–ઘોડા આદિ તણાયા. મદની નદી ચાલે તો તેલની કેમ ન ચાલે ? તું એમ કહેતો હો કે મેં દશ ઘડા તેલના પીધા ને ખૂબ ખોળ ખાધો એ શું તમને સાચું લાગે છે ? તો અમે કહીએ છીએ કે એ સાચું તો શું અમને સાવ સામાન્ય લાગે છે. ભીમ ઓરડાના ઓરડા ભરેલા મિષ્ટાન્ન ખાઈને ખાલી કરી નાખતો હતો. હજાર ઘડા મદ્યના પી જતો હતો. કુંભકર્ણ હજાર ઘડા મદ્ય પી ને પાછો છ મહિના ઊંઘી જતો. અગસ્તિ ઋષિ સમુદ્રને અને જહ્નુ ઋષિ ગંગાને પી ગયા હતા; તો એ બધા આગળ તારા દશ ઘડા શું વિસાતમાં ! વળી ગરુડાખ્યાનમાં ગરુડની ઉત્પત્તિની જે વાત છે અને તેણે તેની માતા વિનતાનું દાસીપણું દૂર કરવા જે પ્રયત્ન કર્યો, તે જોતાં તારો પુત્ર તલનું ઝાડ ઉપાડીને ઘેર લાવે તેમાં નવાઈ નથી. સાત દિવસ સુધી કૃષ્ણે ગોવર્ધન પર્વત ધારણ કર્યો હતો. સમુદ્ર પર સેતુબંધ બાંધવા માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાનરોએ મોટા મોટા પહાડ ઊખેડી નાખ્યા હતા. હનુમાને રાવણની અશોકવાટિકામાં જઈને મોટાં મોટાં અશોકનાં વૃક્ષો ઊખેડી છિન્નભિન્ન કરી નાખ્યાં હતાં, એટલે તારી વાત પણ અમને નવાઈ ઉપજાવતી નથી.

ખંડપાનાએ પોતાની વાત કહેવાની શરૂ કરતાં પહેલાં બધાને કહ્યું કે, તમે બધા મને પગે લાગીને કરગરો તો હું તમને બધાને ભોજન કરાવું. ત્યારે પેલા ચારે જણ કહેવા લાગ્યા કે અમે મહાપુરુષો તને કરગરીએ, તને એક સ્ત્રીને! ત્યારે ખંડપાના હસીને બોલી કે ત્યારે મારી વાત સાંભળો—

**ખંડપાનાની વાત—**જુવાનીમાં મારું રૂપ-લાવણ્ય કોઈ જુદું જ હતું અને એક વખત ઋતુવંતી થઈને હું એક મંડપમાં સૂતી હતી, મારા ઉપર મોહ પામીને પવને મને ભોગવી. મને પુત્ર થયો ને જન્મતાંની સાથે જ વાત કરીને ચાલતો થયો. મારે ઉમાદેવી નામે એક સખી હતી. તેણે મને આકર્ષણી વિદ્યા આપી. તે વિદ્યાબળે મેં સૂર્યને આકર્ષ્યો ને તેથી મને મહાબલવંત એક પુત્ર થયો. બ્યાસી હજાર યોજન પૃથ્વીને તપાવતા સૂર્યથી મને કાંઈ દાહ થયો નહિ. વળી, એક વખત મેં અગ્નિને આકર્ષ્યો અને તેથી મહાતેજવંત પુત્રને મેં જન્મ આપ્યો. અગ્નિથી હું બળી કે દાઝી નહિ. ફરી એક વખત મેં ઇન્દ્રનું આકર્ષણ કર્યું અને ઇન્દ્ર સમાન પુત્ર જનમ્યો. કહો આ સર્વ સત્ય છે ને?

આ સાંભળી મૂળદેવ વગેરે ચારે જણાએ અનુક્રમે એક પુત્રની વાત સિદ્ધ કરી આપી. પવનથી કુંતીએ ભીમને જન્મ આપ્યો હતો, પવનથી અંજનાએ હનુમાનને જન્મ દીધો તે પ્રમાણે પવનથી તેં પુત્રને જન્મ આપ્યો. પરાશરે યોજનગંધા માછલીને ભોગવી ને વ્યાસનો જન્મ થયો. વ્યાસ જન્મતાંની સાથે માતાને 'અવસરે મને સંભારજે' કહીને ચાલ્યો ગયો—ઇત્યાદિ પ્રસિદ્ધ છે. તો તારો પુત્ર તને કહીને તરત જ ગયો તેમાં શું આશ્ચર્ય? એમ મૂળદેવે કહ્યું. પછી કંડરીકે કહ્યું કે, સૂર્યથી કુંતીને પુત્ર થયો હતો ને તે બળી ન હતી તો તું ન બળી તેમાં કાંઈ નવાઈ નથી. એલાષાઢે કહ્યું કે, યમની સ્ત્રી ધૂમોર્ણાને અગ્નિએ ભોગવી હતી છતાં દાઝી કે બળી ન હતી તો તને અગ્નિએ ભોગવી ને તું ન દાઝી એ સંભવિત છે. શશકે કહ્યું કે, ઇન્દ્રે ગૌતમપત્ની અહલ્યાને ભોગવી હતી ને ઋષિએ શ્રાપ આપીને ઇન્દ્રને સહસ્રભગ કર્યો હતો. વળી ઇન્દ્રે કુંતીને ભોગવી હતી તેથી અર્જુન જન્મ્યો હતો, તારા જેવી રૂપ-લાવણ્યવતીને ભોગવે તેમાં અદ્ભુત નથી. ચારેના પ્રત્યુત્તર સાંભળીને ખંડપાનાએ કહ્યું કે, તમે બધા મને ઓળખો છો ને? હું કોણ છું? મૂળદેવે ઉત્તર આપ્યો કે અમે તને ઓળખીએ છીએ-તું પાટલીપુત્રના રહેવાસી ગૌતમગોત્રીય નાગશર્મા બ્રાહ્મણ અને નાગશ્રી બ્રાહ્મણીની પુત્રી છે. આ સાંભળીને ખંડપાનાએ કહ્યું-એ બરાબર નથી. તે અને હું મળતી છીએ એટલે ભ્રમ થયો છે, બાકી હું તો રાજાના ધોબીની પુત્રી છું ને મારું નામ દગ્ધિકા છે. મારું ઘર રાજાના ઘરની જેમ ધન-ધાન્યથી ભરપૂર છે. રાજાના હજાર કપડાં રોજ હું મજૂરો રાખીને ધોઉં છું. એક વખત ઘણાં કપડાં ધોવાનાં હતાં એટલે હજાર મજૂરોની સાથે ગાડાં ભરીને હું નદીના કાંઠે ધોવા ગઈ. વસ્ત્રો ધોઈને તડકે સૂકવ્યાં હતાં ત્યાં મોટો વાવંટોળ આવ્યો ને બધાં કપડાં ઊડી ગયાં. ઘણું કર્યું પણ વસ્ત્રો ન મળ્યાં એટલે મેં મારા મજૂરોને કહ્યું કે, તમે બધા નાસી જાઓ નહિ તો રાજા દંડશે. બધા નાસી ગયા અને હું ત્યાં એક બગીચામાં ઘોનું રૂપ કરીને રહી. રાત વીતી એટલે મને વિચાર આવ્યો કે સવારે મને જોશે તો શિકારીઓ મારી નાખશે

૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે મેં આમ્રલતાનું રૂપ લીધું અને અશોક વૃક્ષને વળગી પડી. રાજાએ જાણ્યું કે મારાં સર્વ વસ્ત્રો મોટા વાવંટોળથી ઊડી ગયાં છે એટલે તેણે ઢંઢેરો પીટાવ્યો કે હે ધોબીઓ ! તમે જ્યાં હો ત્યાંથી પાછા આવો. તમને અભય છે. બધા તે ઢંઢેરો સાંભળીને ઘેર આવ્યા અને હું પણ મારું મૂળ રૂપ ધારણ કરીને ઘેર ગઈ, મારો પિતા ગાડાં લેવાને નદીએ ગયો. તો ગાડાં બાંધવાના દોરડા-વાધરો બધાં શિયાળો ખાઈ ગયાં હતાં. મારો બાપ તેની તપાસ કરતો હતો. તેવામાં તેના હાથમાં એક ઊંદરનું પૂંછડું આવ્યું. તેના મોટામાં મોટા વાધરો કરીને ગાડાં લઈને તે ઘેર આવ્યો. બોલો, આ બરાબર છે ને ?

એ સાંભળીને શશકે જવાબ આપ્યો-ઈશ્વરનું લિંગ કેટલું મોટું છે કે જેનો બ્રહ્મા-વિષ્ણુ પણ પાર ન પામ્યા. હનુમાનનું પૂંછડું કેવું મોટું કે લંકાને વીંટી લીધી ને સળગાવી ? તો ઊંદરનું પૂંછડું મોટું હોય તે પણ માની શકાય એવી વાત છે. ઇન્દ્રનું અપમાન કરવાથી બૃહસ્પતિના શ્રાપે નહુષ રાજા અજગર થઈને અરણ્યમાં પડ્યો હતો ને યુધિષ્ઠિરે તેને મૂળ રૂપ કર્યો તો તું ધો અને આમ્રલતા થઈને વળી મૂળ સ્વરૂપ પામી તે બરાબર છે.

ખંડપાનાએ વળી કહ્યું કે, હે ધૂર્તના સરદારો ! હજુ પણ હું કહું છું કે તમે મારું માનો ને મને પગે પડો તો તમને બધાને પેટ ભરીને ખવરાવું, નહિ તો પાછળથી પસ્તાશો. પછીથી તમારી કોડીની કિંમત નહિ રહે. હું તમને જીતી લઈશ. એ સાંભળીને બધા ધૂર્તોએ કહ્યું કે, તું એક સ્ત્રી ! અમને જીતી લઈશ ? અમને બ્રહ્મા-વિષ્ણુ-બૃહસ્પતિ કોઈ જીતી શકે એમ નથી. તો તું કોણ હિસાબમાં ! ખંડપાનાએ કહ્યું: ત્યારે જુઓ, સાંભળો : રાજાના ઢંઢેરાથી નિર્ભય થયા પછી મને એમ થયું કે મારે તેનાં વસ્ત્રો શોધી આપવાં જોઈએ. એટલે હું રાજાની આજ્ઞા લઈને તે શોધવા નીકળી. મારા ચાર નોકરો પહેલાં નાસી ગયા હતા. પૃથ્વીમાં ભમતી ભમતી આજ હું અહીં આવી ને તમે ચાર મારા નાસી ગયેલા નોકરો છો અને રાજાના વસ્ત્રો લીધાં છે. કેમ બરાબર છે ને ? જો ધૂર્તો ના પાડે તો હાર્યા કહેવાય અને ભોજન કરાવવું પડે અને બરાબર છે એમ કહે તો પેલી ધૂતારીના દાસ ગણાય અને વસ્ત્રો આપવાં પડે. એટલે તેઓ મૂંઝાયા, ખેદ કરતાં દીન થઈને કહેવા લાગ્યા કે—હે ખંડપાના ! તારી બુદ્ધિ અકળ છે. અમારા જેવા ધૂર્ત સરદારોને પણ તેં હરાવ્યા છે. માટે અમે તને વિનવીએ છીએ કે તું અમને બધાને ખવરાવ; સાત સાત દિવસના અમે ભૂખ્યા છીએ.

ધૂર્તોના વચનથી ખુશ થઈને ખંડપાના બધાને માટે ભોજનની વ્યવસ્થા કરવા ચાલી.

ત્યાંથી તે એક મોટા શ્મશાનમાં આવી. ત્યાં તત્કાલ મરણ પામેલો બાળક કોઈ મૂકી ગયાં હતાં. તે તેણે લઈ લીધો, તેને નવરાવી-સાફ કરી, કપડાં પહેરાવીને ઉજ્જૈની નગરીમાં ગઈ. ત્યાં એક મોટા શેઠને ત્યાં પહોંચી. શેઠને ત્યાં ઘણા લોકો એકઠા થયા હતા. શેઠ વેપારમાં મશગૂલ હતા, ત્યાં પહોંચીને શેઠને ચીડવવા દીનતાથી કહેવા લાગી કે, હે શેઠ ! હું ગરીબ બ્રાહ્મણી છું, મારું કોઈ નથી. આ બાળક ઉપર પણ દયા કરીને કાંઈ મદદ કરો. આપ મહાપુરુષ છો, મહા ઉપકારી છો. વારંવાર એ પ્રમાણે તાર-કરુણ સ્વરે બોલીને શેઠના કાર્યમાં વિક્ષેપ કરવા લાગી એટલે શેઠ ચીડાયા અને નોકરને હુકમ કર્યો કે આ રાંડને બહાર કાઢો. નોકરે તેને ધક્કો મારીને બહાર કાઢવા પ્રયત્ન કર્યો, ત્યાં એ એકદમ કપટથી નીચે પડી ગઈ અને જોરથી રોવા લાગી, લોકો એકઠા થઈ ગયા. તે બધાને પેલું મરેલું બાળક બતાવીને કહેવા લાગી કે, આ મારો નોધારીનો આધાર, મારી આશાવેલનો એકનો એક તાંતણે..

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આંધળીની લાકડીનો આ પાપી શેઠે નાશ કર્યો. છાતી કૂટતી, વાળ વિખેરતી, ઝૂરતી શેઠને ખૂબ કહેવા લાગી અને ધમકી દેવા લાગી. શેઠ ડરી ગયા ને તેને લાગ્યું કે જો આ સ્ત્રી રાજ્યમાં જશે તો મને દંડ થશે એટલે કોઈ પણ ઉપાયે આને સમજાવીને કાઢવી જોઈએ. એમ વિચારીને શેઠ ગરીબ ગાય જેવા થઈને તેની પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે! બે'ન, ઊઠ હવે શું થાય! જેવા ભાવિભાવ, બનવાનું હતું તે બની ગયું—તું હવે ચિંતા ન કર. તારે જોઈએ તેટલું દ્રવ્ય લઈ જા. એમ કહીને પોતાની રત્નજડિત વીંટી કાઢી આપી.

તે વીંટી લઈને ખંડપાના ધૂર્તો પાસે આવી અને બધી વાત કરી. પછી તે વીંટી ઝવેરીને ત્યાં વેચી દઈ બધાને ખૂબ ભોજન કરાવ્યું. બધા ખંડપાનાની પ્રશંસા કરવા લાગ્યા ને સહુ ધૂર્તો પોતપોતાને સ્થાનકે છૂટા પડીને ગયા.

જો વિષ્ણુ સર્વવ્યાપી છે તો બીજું રહ્યું શું? પાર્વતીના શરીરના મેલથી ગણેશ ઉપન્યો. પાર્વતી હિમાચલથી ઉપની, વગેરે સર્વ મહાભારત, રામાયણ, પુરાણ આદિનાં વચનો ખોટા સોનાના જેવાં છે, પરીક્ષામાં ટકી શકતાં નથી. ગધેડાનાં લીંડાંની માફક બહારથી દેખાવડાં અને અન્દરથી સાર વગરનાં છે. માટે તે માનવા યોગ્ય નથી. વચનની પણ પરીક્ષા કરીને જે કષ-છેદ અને તાપથી શુદ્ધ હોય તે જ માનવાં જોઈએ. તેથી આત્મહિત સધાય છે. વ્યવહારનાં સાચાં જૂઠાં વચનો સંસારની વૃદ્ધિ કરે છે જ્યારે મોક્ષમાર્ગમાં આગળ વધારનારાં પારમાર્થિક વચનો આત્માને બચાવે છે અને પરમપદ તરફ લઈ જાય છે. એવાં વચનો વીતરાગ સર્વજ્ઞ પરમાત્માનાં હોય છે. એ જ શ્રદ્ધેય છે અને ઉપાદેય છે. એટલે **तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं**' 'તે જ સત્ય અને નિઃશંક છે કે જે જિનવરોએ પ્રરૂપ્યું છે' એમ દૃઢપણે માનવું અને આચરવું એ શ્રેયસ્કર છે.

* * *

આ ધૂર્તાખ્યાન ૪૮૪ ગાથા પ્રમાણ છે. તે પાંચ વિભાગમાં વહેંચાયેલું છે. તેની શરૂઆતની ગાથા નીચે પ્રમાણે છે:—

**नमिऊण जिणवरिंदे, तिअसेसरवंदिए धुअकिलिसे ॥**
**विउसजणबोहणत्थं, धुत्तक्खाणं पवक्खामि ॥ १ ॥**

છેલ્લે ઉપસંહારની બે ગાથાઓ છે, તે આ પ્રમાણે:—

**चित्तउडदुग्गसिरिसंठिएहिं सम्मत्तरायरत्तेहिं ॥**
**सुचरिअसमूहसहिआ, कहिआ एसा कहा सुवरा ॥ १२३ ॥**
**सम्मत्तसुद्धिहेउं, चरिअं हरिभद्दसूरिणा रइअं ॥**
**णिसुणंतकहंताणं, भवविरहं कुणउ भव्वाणं ॥ १२४ ॥**

પાંચ વિભાગમાંથી પ્રથમ વિભાગમાં ઉપક્રમ અને મૂળદેવની વાત છે તે ૯૩ ગાથામાં છે. બીજા વિભાગમાં કંડરીકની વાત ૭૫ ગાથામાં છે. ત્રીજા વિભાગમાં એલાષાઢની વાત ૯૮ ગાથામાં છે. ચોથા વિભાગમાં શશકની વાત ૯૪ ગાથામાં છે. પાંચમા વિભાગમાં ખંડપાનાની વાત અને ઉપસંહાર ૧૨૪ ગાથામાં છે. ગ્રંથની ભાષા પ્રાકૃત છે. વચમાં કોઈ કોઈ સ્થળે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાસ્તવિક સંસ્કૃત શ્લોકો પણ આવે છે. ઉપસંહારની બે ગાથામાં આવતા–'ચિત્રકૂટ–દુર્ગશ્રીમાં રહેલા' અને 'ભવવિરહ' એ બે વાક્યો ખાસ સૂચક છે તેથી આ ગ્રન્થ શ્રી. હરિભદ્રસૂરિજીનો છે તે ખાસ સૂચિત થાય છે.

ગ્રન્થમાં ગૂંથાયેલ વાતો મહાભારત, રામાયણ અને પુરાણોમાં પ્રસિદ્ધ છે. વર્તમાનમાં પણ તે તે વાતો તેજ પ્રમાણે તે તે ગ્રન્થોમાં વિસ્તારથી ઉપલબ્ધ છે. એટલે પુરાણો વગેરેને નામે ભળતી વાત અહીં કહી છે એમ માનવાને જરી પણ કારણ નથી.

ગ્રન્થની અંતે રહેલી–૧૨૫ મી ગાથા પાછળથી લખાયેલી હોવાનું ગાથાની રચના જોતાં લાગે છે. તે ગાથા આ પ્રમાણે છે:—

सेअंवरवरसूरी, हरिभद्दो कुणउ अम्ह भद्दाइं ॥
जस्स सरिसंखधवले, जिणागमे एरिसा भत्ती ॥ १२५ ॥

* * *

આ ગ્રન્થને અનુસાર ૪૨૬ શ્લોકપ્રમાણ સંસ્કૃતમાં શ્લોકબદ્ધ ધૂર્તાખ્યાન શ્રીસંઘતિલકાચાર્યે રચ્યું છે. પ્રાકૃત ગાથાઓને સંસ્કૃત શ્લોકબદ્ધ વ્યવસ્થિત તેમાં ઉતારી છે. તેમાં ભાષાસૌષ્ઠવ પણ સારું જળવ્યું છે.

જૂની ગૂજરાતીમાં આ ધૂર્તાખ્યાન કથાનો બાલાવબોધ પણ થયેલ છે. તેની શરૂઆતમાં એક માલિની શ્લોક અને પાંચ પંક્તિની પુષ્પિકા સંસ્કૃતમાં છે તે સુન્દર છે.

सदुपनिषदनेक–ग्रन्थसन्दर्भाभिः, परसमयतमांसि ध्वंसयित्वाऽपुनाद् यः ॥
गगनमिव दिनेशः शासनं जैनमतत्, स जयतु हरिभद्रः सूरिरुदामधामा ॥१॥

इह हि चतुर्दशशतसङ्ख्यप्रकरणप्रणेतृभिः सितपटपटलमुकुटमणिभिर्निःप्रतिमप्रतिभाप्रागल्भ्यपराजितामरसूरिभिः श्रीहरिभद्रसूरिभिः मिथ्यादृष्टिभिः प्रणीतानां समयानाम्, अन्तर्वाणिचेतश्चमत्कारकारणि(रिणी)भिः स्वोपज्ञसयुक्त(क्ति)श्रेणीभिः कुसु(स)मयतां सम्यग् व्यवस्थाप्य, तैरेव प्रतिपादितानां भारत–रामायण–पुराणादीनां कथाग्रन्थानामपि धूर्ताख्यानसमानतां दर्शनाय निर्मितस्य धूर्ताख्यानाभिधानस्य कथाग्रन्थविशेषस्य लोकभाषायां कथा लिख्यते ॥

આ ઉપરથી 'ધૂર્તાખ્યાન'નું મહત્ત્વ પણ સમજી શકાય છે. આ ત્રણે ગ્રન્થો 'સિંઘી જૈન ગ્રન્થમાલા'ના ૧૯ ગ્રન્થાંકમાં પ્રકટ થયા છે. આ ગ્રન્થને અનુરૂપ કેટલીક વાતો સંક્ષેપથી તો કેટલીક વાતો વિસ્તારથી જુદે જુદે સ્થળે મળે છે. ધર્મપરીક્ષા–સંસ્કૃત ગ્રન્થમાં અને ધર્મપરીક્ષા–રાસમાં ઘણો વિસ્તાર છે. શ્રી. હરિભદ્રસૂરિજી વિરચિત 'અષ્ટક' ગ્રન્થની ટીકામાં પણ કેટલીક વાતો ટૂંકમાં છે. 'શ્રીદશવૈકાલિક–ટીકા'માં પણ પ્રસંગે શ્રી. હરિભદ્રસૂરિજીએ એવી વિરલ કથાનો ઉલ્લેખ કર્યો છે. બીજે અનેક સ્થળે તેના ઉલ્લેખો મળે છે.

મિથ્યાશ્રુત તરીકે પ્રસિદ્ધ શ્રુતજ્ઞાનના ભેદમાં પણ ભારત–રામાયણ આદિ ગણાવ્યાં છે. 'નન્દીસૂત્ર'માં એ પ્રસિદ્ધ છે.

જીવો આ વાંચીને મિથ્યાશ્રુતથી બચે અને સત્યક્શ્રુત પામીને પરમપદના પથના પથિક બને.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ઉદયન-વિહાર

[ ૩ ]

## ઐતિહાસિક અનુસંધાન

[ ગત અંક ૭, પૃ. ૧૧૦ થી ચાલુ ]

લેખકઃ-પં. શ્રીયુત લાલચંદ્ર ભગવાન ગાંધી, વડોદરા

### ગુર્જરેશ્વર કુમારપાલનો પ્રતાપ

**મહારાજા કુમારપાલે** દક્ષિણ દિશામાં વિજય મેળવ્યો હતો-તેનું પૂર્વોક્ત વર્ણન કર્યા પછી તેના સાંધિવિગ્રહિકે રાજ-સભામાં તેમને વિજ્ઞપ્તિ કરતાં વિશેષમાં જણાવ્યું કે—

"હે મહારાજ ! તમારી ભોજન-વેળાને પાળનાર ( વેલાધર ), **પશ્ચિમ દિશા**નો સ્વામી **સિંધુપતિ** જેને તમે ભોજન આપ્યું હતું (આ બિચારો જીવતો રહો-એવી **અનુકંપાથી** જેને ગરાસ તરીકે પિતાનો દેશ આપ્યો હતો ), તે દિવસે જમતો નથી, રાત્રે જમે છે. ( વેલાધર લોકો સ્વામીનાં દર્શન ન થતાં રાત્રે જમે છે-એવી મર્યાદા છે. )૭૩

વસુધાના ઉપભોગ કરનાર હે મહારાજ ! તમારા ભયને કારણે **જવણ ( યવન દેશનો** અધીશ ) તાંબુલ ખાતો નથી, કે ભોજન-કાળે પણ ખાતો નથી, વિષયો ( શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ ) નો ઉપભોગ કરતો નથી ( તાંબૂલ-પાન-બીડાનું આસ્વાદન વગેરે મૂકીને, માત્ર તમને આરાધન કરવાના ઉપાયોનો અભ્યાસ કરે છે. ૭૪

**ઉવ્વેસર** ( ઉચ્ચૈશ્વર ) આપના શત્રુઓને ન મળી જતાં-તેનાથી જૂદો પડીને મણિ-જડિત સોનાનાં ઘડેલાં આભૂષણોવાળા લાખો શ્રેષ્ઠ ઘોડાઓ મેળવી આપને [ ભેટ તરીકે ] મોકલાવે છે. ૭૫

પૃથ્વીના ભૂષણરૂપ હે મહારાજ ! આપના હર્ષથી વિકસ્વર મુખવાળો તે પ્રસિદ્ધ **કાશી-ભૂષણ** રાજા ( **વારાણસીનો** સ્વામી ) હાથીઓ અને ઘોડાઓથી શોભતા એવા આપના દ્વારને શોભાવે છે. ( અંદર પ્રવેશ ન થતાં-પ્રતીહાર વડે અટકાવાતાં પ્રાયઃ સિંહદ્વારને જ અલંકૃત કરે છે. ) ૭૬

---

* "**सिन्धु-वई** तुह चमढण-वेलिल्लो तुमइ दिन्न-चड्डुणओ ।
न जिमइ दिवसे जेमइ, निसाइ **पच्छिम-दिसाइ** तह ॥ ७३ ॥
तम्बोलं न समाणइ, कम्मण-काले वि नण्हए **जवणो** ।
विसए अ नोवभुञ्जइ, भएण तुह वसुह-कम्मवण ! ॥ ७४ ॥
मणि-गढिअ-कणय-घडिआहरणे **उव्वे(च्च)सरो** वर-तुरङ्गे ।
संगलिअ लक्ख-सङ्खे, पेसइ तुह रिउ-असंघडिओ ॥ ७५ ॥
हरिस-मुरिआणणो सो, महि-मण्डण ! **कासि-रीडणो राया**
टिविडिक्कइ तुह वारं, हय-चिञ्चिअ-हत्थि-चिञ्चइअं ॥ ७६ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમારા પ્રત્યે અખૂટ ભક્તિ વડે, અખંડિત બહુમાન વડે મંડિત એવો **મગધદેશનો** રાજા, જેનો પૂર્વનો ગર્વ ગળી ગયો છે, તેવો થઈને તમને અખૂટ રત્નાદિ ભેટણું આપે છે. ૭૭

જેનો સ્નેહ તૂટયો નથી, તેવા **ગૌડ** દેશના રાજાએ તમારા માટે અસ્ખલિત ગતિવાળા અત્રુટિત મદવાળા, ન્યૂનતા-રહિત (પરિપૂર્ણ) લક્ષણવાળા મોટા ગજરાજોને મોકલ્યા છે. ૭૮

હે મહારાજા! ચાલતી એવી તમારી સેનાએ **કન્નોજના** સ્વામીને યશ, પ્રતાપ અને પૃથ્વીથી રહિત થાય એવો ભય-વિહ્વલ કર્યો હતો. ૭૯

હે મહારાજા! પૃથ્વીની નીચે રહેલા (પૃથ્વીનો ભાર વહન કરનારા) કચ્છપને પણ જેણે કંપાવી દીધેલ છે-એવા આપના ચાલતા સૈન્યને જોતાં જ **દશાર્ણપતિ** ( દશાર્ણદેશનો રાજા ) ભયથી મરી ગયો. ૮૦

કઢ્યા વિનાના દૂધ જેવા ઉજ્જ્વલ યશવાળા, પ્રતાપના તાપ વડે શત્રુઓના યશરૂપી કુસુમને કરમાવનારા હે મહારાજા! વ્યૂહ ગોઠવનારા તમારા સૈન્યે તે **દશાર્ણ**પતિના નગર ( **ચેદી-બુ**ંદેલખંડ ) રૂપી સમુદ્રનું મંથન કર્યું હતું. ૮૧

હે મહારાજા! મંથન કરેલા દહીંમાંથી જેમ માખણ ગ્રહણ કરાય છે, તેમ મંથન કરેલા તે **દશાર્ણ**પતિના નગરમાંથી કનક (સુવર્ણ) ને ગ્રહણ કરતા તમારા સૈનિકોએ અમને હર્ષિત કર્યા હતા. ૮૨

તે **દશાર્ણ**પતિના સેનાપતિઓ, જેઓ શસ્ત્રો વડે પ્રતિભટોને છેદનારા હોઈ અખંડિત પ્રતાપવાળા હતા, તેઓ પણ તમારા છેદક એવા ભટો વડે છિન્ન થયા છતાં સમર ( રણભૂમિ)માં જ રહી ગયા હતા-( અર્થાત્ મૃત્યુ પામ્યા ). ૮૩

જેમનાં છત્રો કાપી નાખવામાં આવ્યાં હતાં, જેમના માથાના રક્ષક ટોપા અને મસ્તકો કપાઈ ગયાં હતા-તેવા **દશાર્ણ** દેશના ક્ષત્રિયોની રાજ-લક્ષ્મીને ( સપ્તાંગ-સંપત્તે) **ચૌ**લુક્યના

---

चिञ्चिल्लिओ अखुट्टिअ-भत्तीइ तुमम्मि **मगहदेस-निवो**।
उक्खुडिअ-पुव्व-गव्वो, अतुट्टिअं पाहुडं देइ ॥ ७७ ॥
अखुडिअ-गमणमतोडिअ-मदमतुडिअ-लक्खणं महेभ-कुलं।
अणिलुक्कन्त-सिणेहो, **गउडो** पेसीअ तुज्झ कए ॥ ७८ ॥
लुक्किअ-जसमुल्लूरिअ-पयावमुल्लूकिअ-मेइणि काही।
घोलन्ती तुह सेणा, भय-घुलिअं **कन्नउज्जेसं** ॥ ७९ ॥
तुज्झ पहल्लिर-सिविरे, घुम्माविअ-ढंसमाण-कुम्मम्मि।
दिट्ठे वि **दसण्ण-वई**, विवट्टमाणो भए मरही ॥ ८० ॥
अणकढिअ-दुद्ध-सुइ-जस ! पयाव-घम्मट्टिआरि-जस-कुसुम !।
तुह गण्ठिअ-वूहेणं, विरोलिओ तस्स **पुर**-जलही ॥ ८१ ॥
मन्थिअ-दहिणो तुप्पं व, घुसलिआ तुस्स **नयर**ओ कणयं।
गिण्हन्तेहिं तुह सेणिएहिं अवअच्छिआ अम्हे ॥ ८२ ॥
तस्स चमूवा समरे, णुमज्जिआ तुह भडेहि णिव्वरिआ।
णिज्झोडणेहि णिल्लूरणा वि अणल्लूरिअ-पयावा ॥ ८३ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુભટોએ ગ્રહણ કરી હતી.૮૪

• હે મહારાજા ! ત્રિભુવનમાં યશ મેળવનારી (યશસ્વી,) શત્રુઓનો ધ્વંસ કરનારી તમારી સેનાએ **ત્રિપુરીશ્વર**ના ( **ચેદી** નગરના સ્વામીના ) સૈન્યનું મર્દન કરી તેના માનનું મર્દન કર્યું હતું. ૮૫

તમારી સેનાએ **રેવા** ( **નર્મદા** નદી ) ના નક્ર ( ગ્રાહ, મગર ) આદિ જલચરોનું મર્દન કર્યું, મહાતટોનું અને તટ પરના અખિલ આરામો ( ઉદ્યાનો ) નું મર્દન કર્યું હતું તથા તેના દ્રહ ( ધરા ) ના કાદવનું મર્દન કર્યું હતું. ૮૬

પગથી મર્દન કરેલ ધૂળ જેવા કોમળ, અને મંદ મંદ વાતા પવન વડે સહજ ફરકતા એવા **રેવા** ( નર્મદ ) ના તટ પરના લતા-ગહનમાં તમારા સૈન્યનો પડાવ થયો હતો. ૮૭

જેનો વિક્રમ અવિસંવાદી- ( નિશ્ચિત ) છે, તેવા જય-કાર્યને સિદ્ધ કરનારા તમારા સૈન્યે નિશ્ચિત જય માનનારા **મથુરાધિપ**ના વિજયને વિસંવાદી બનાવ્યો ( તમારા સૈન્યે તેના પર જય મેળવ્યો હતો. ) ૮૮

હે મહારાજા ! જેમની પરીક્ષા ( આ ઘોડાઓ, શસ્ત્રોથી ભેદાવા છતાં પણ સુભટોને રણાંગણમાં પાડતા નથી-એવી ) અવિસવાદી હતી તેવા, તથા શરીરને ખંખેરવાથી જેના રજ-કણો ખરી જાય છે તેવા તમારા **ઘોડાઓ,** જ્યાં નક્ર ( ગ્રાહ, મગર ) વગેરે જલચરો આક્રન્દ કરે છે, તેવી **યમુના** ( જમના ) નદી ઊતરી ગયા. ( સામે કિનારે પહોંચ્યા. ) ૮૯

હે મહારાજા ! જેના ઘોડાઓ, અને હાથીઓ ખેદ પામ્યા નથી-(કંટાળ્યા નથી) તથા જેનો સેનાપતિ ખેદ પામ્યો નથી, તેવું, શત્રુઓને આક્રન્દ કરાવનારું, તમારું સૈન્ય **મથુરા** પહોંચ્યું હતું. ૯૦

નગરનાં દ્વારોને રોધનારા-(નગરને ઘેરો ઘાલનારા), માર્ગોને અટકાવનારા-( લોક-પ્રચારને રોકનારા), પ્રતિભટોને અટકાવતા, કોપાયમાન થયેલા તમારા સૈનિકોએ શત્રુઓને કોપાયમાન કર્યા હતા. ૯૧

---

छिन्दिअ-छत्त-दुद्दाविअ-सिरक्क-णिच्छल्लि-उत्तमङ्गाण ।
उद्दालिआ **दसण्णाण,** सिरी **चालुक्क**-सुहडेहिं ॥ ८४ ॥
तिहुअण-जस-ओअन्दण !, रिउ-अच्छेदण-चमूइ पहु ! तुज्झ ।
मलिऊण बलं **तिउरीसरस्स** परिहट्टिओ माणो ॥ ८५ ॥
चड्डिअ-नक्का मड्डिअ-महातडा खड्डिआखिलारामा ।
पच्चाडिअ-द्रह-पङ्का, तुज्झ चमूए कया **रेवा** ॥ ८६ ॥
पय-मढिअ-पंसु मसिणे, चुलुचुलमाणाणिलेण कय-फन्दे ।
**रेवा**-तड-लय-गहणे, निव्वलिओ तुह बल-निवेसो ॥ ८७ ॥
नीपाइअ-जय-कज्जं, अविअट्टिअ-विक्कमं बलं तुज्झ ।
अविलोट्टिअ-जय-**महुराहिवस्स** फंसावही विजयं ॥ ८८ ॥
अविसंवाइ-परिक्खा, तणु-पक्खोडण-झडन्त-पंसु-कणा ।
णीहरिअ-नक्क-चक्कं, तुह तुरया **जँउण**मुत्तिन्ना ॥ ८९ ॥
रिउ-अक्कन्दावणयं, अखिज्जमाण-हयमजूरिएभ-कुलं ।
अविसूरन्त-चमूवं, पत्तं **महुराइ** तुह सेन्नं ॥ ९० ॥

For Private And Personal Use Only

તમારા સૈન્યનો પ્રવેશ થતાં, તમારા સૈન્યથી જેનો પરિભવ થયો છે તેવા, ભયભીત થયેલા **મથુરા**ના રાજાએ યુદ્ધનો સંરંભ (આડંબર) કર્યો ન હતો. ૯૨

**મથુરા**ના રાજાએ વિસ્તૃત કનક-રાશિવડે, તમારા વિસ્તૃત સૈન્યને તૃપ્ત (સંતુષ્ટ) કરી ધૃતિ ધારણ કરતાં પોતાની પુરી **મથુરા**ની રક્ષા કરી હતી. ૯૩

જેમનો યશ સ્વર્ગ સુધી પહોંચ્યો છે-એવા યશસ્વી હે મહારાજા! શત્રુઓને સંતાપ કરનારા તમારા પ્રબલ પ્રતાપથી સંતપ્ત થયેલા **જંગલપતિએ**-(સપાદલક્ષના અધિપતિએ) તમારા આશ્રિત થવા માટે તમને હાથીઓ આપ્યા છે. ૯૪

યશવડે ત્રિભુવનને પાપ્ત કરનારા! અગણિત ગુણવાળા હે મહારાજા! ભક્તિથી વ્યાપ્ત કરનારા તે **જંગલપતિએ** (સપાદલક્ષદેશના રાજાએ **શાકંભરીશ્વરે**) વૈર સમાપ્ત કરવા માટે તમને વિજ્ઞપ્તિ કરી છે. ૯૫

શત્રુઓને પરાસ્ત કરનારા હે મહારાજા! તમે **તુરક્કીને** ( તુરુષ્કને-મ્લેચ્છ દેશના અધિ-પતિને ) તથા **ડિલ્લીનાથને** ( દિલ્લીશ્વરને-યોગિનીપુરના રાજાને ) પરાસ્ત કર્યો છે; તથા **કાશી**ના રાજાને ( **વારાણસીશ્વરને** ) પરાભૂત કર્યો છે. ( જે કોઈ રાજા આત્મમાની હતા, તે સર્વને તમે તિરસ્કૃત કરેલા છે ) [ **જં**ગલપતિ એવા ] મને તમે આદેશ ( આજ્ઞા ) કરો. ૯૬*

"હે પૃથ્વીપતિ! જેમ લુબ્ધ એવા પોતાના સેવકને સર્વ કાર્યમાં નિયુક્ત કરવામાં આવે છે, તેમ ( પોતાના ) શત્રુના તિરસ્કારના કાર્યમાં મને નિયુક્ત કરો. તમે કોને કોને નિરસ્ત કરતા નથી? ( અર્થાત્ સર્વ શત્રુવર્ગને તમે પરાસ્ત કરો છો, ) કોઈએ પણ તમારી **આજ્ઞાને** ઉલ્લંઘિત કરી નથી ( સર્વ કોઈ તમારી આજ્ઞા પાળવામાં તત્પર થયા છે.) ૯૭

"વૈરીઓને પરાસ્ત કરનારા હે મહારાજા! આ હાથ ઊંચો કરીને, તર્જની (આંગળી) ઊંચી કરીને હું આ પ્રમાણે કહું છું ( સકલ ભૂપાલ-મંડલીની પ્રત્યક્ષમાં પ્રતિપાદન કરું છું ) કે મારા **દુર્ગ**ને ( કોટ્ટને ) તમે જ ઉત્ક્ષિપ્ત કર્યો છે. ( બીજો કોઈ આની સામે જોવા પણ સમર્થ નથી. ) ૯૮

---

उत्थङ्घिअ-वारेहिं, रुन्धिअ-मग्गेहि हक्कमाणेहिं ।
कुज्झन्तेहिं तुह सोणिएहिं, जूराविआ रिउणो ॥ ९१ ॥
तुह जायन्त-पवेसे, सिन्ने जम्मन्त-परिहवो तत्तो ।
तडिअ-भओ **महुरेसो**, न तड्डवीआजि-संरम्भं ॥ ९२ ॥
तड्डिअ-कणय-चएणं, विरल्लिअं थिप्पिऊण तुह सेन्नं ।
**महुरेसो** तणिअ-दिही, रक्खीअ निअं **पुरिं महुरं** ॥ ९३ ॥
सग्गल्लिअन्त-जस-भर! **जङ्गलवइ**णोवसप्पिउं दिण्णा ।
तुह रिउ-झञ्झावण-घण-पयाव-संतप्पिएण गया ॥ ९४ ॥
जस-ओअग्गिअ-तिहुअण! तेण कया भत्ति-वाविअ-मणेण ।
असमाणिअ-गुण! वइरं समाविउं तुज्झ विन्नत्ती ॥ ९५ ॥
तइ पेल्लिओ **तुरुक्को, ढि(डी)ल्लीनाहो** गलत्थिओ तह य ।
अड्डक्खिओ अ **कासी**, रिउ-घत्तण! छुह महाएसं ॥ ९६ ॥"

—પ્રાકૃત દ્વયાશ્રય મહાકાવ્ય ( કુમારપાલ-ચરિત )—સર્ગ ૬, ગા. ૭૩ થી ૯૬.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" શત્રુઓને તિરસ્કૃત કરનારા હે મહારાજા ! તમારા હાથીઓ વિજયધ્વજાને ફરકાવનારા છે, ભારે શુંડા-દંડને ઉલાળનારા છે, તેઓ પર્વતને પણ ઉપાડે છે, આથી તમે કોનો પરાભવ નથી કરતા ? ( જેની પાસે એવા પ્રકારના હાથીઓ છે, એવા તમે સર્વ પર વિજય પ્રાપ્ત કરો છો. ) ૯૯

" હે સ્વામી ! કોઈ રીતે ન કંપનારા-નિશ્ચલ એવા તમે પૃથ્વીને ધારણ કરી રહ્યા છો, તેથી જીર્ણ થયેલા વરાહ ( આદિ વરાહ ) સુવે છે, શેષ નાગ સૂવે છે, દિગ્ગજો સુએ છે. તથા કૂર્મ પણ સુવે છે, (એમનું કાર્ય આપ વડે કરાતું હોવાથી એ સર્વે નિશ્ચિન્ત થયા છે.)૧૦૦

" હે મહારાજા ! તમારા શત્રુઓની વધૂઓ અરણ્યમાં કંપતા હૃદયવાળી થઈ કંપે છે, જેનાં બાળકો વિલાપ કરે છે એવી, વિલાપ કરતી તે સ્ત્રીઓ પોતાના સ્વામી સંબંધમાં વિલાપ કરે છે ( હા નાથ ! તમારા વિના અમે કેવી રીતે પ્રાણોને ધારણ કરી શકીશું ? એવા પ્રકારના વિલાપો કરે છે ) ૧૦૧

" જેમનું પરાક્રમ ગોપવી શકાય તેવું નથી-એવા પ્રૌઢ શૌર્યશાલી હે મહારાજા ! મદ વડે વસુધાને લીંપનારા તમારા ગજરાજો રણાંગણમાં વ્યાકુલ થતા નથી, તથા ઘોડાઓ પણ વ્યાકુલ બનતા નથી, તમારા જેવો બીજો કોણ છે ? (તેવો કોઈ તમારો પ્રતિપક્ષી નથી, તમે મારા પર પ્રસન્ન થાઓ ૧૦૨.

" હે મહારાજા ! તમારા પ્રતાપરૂપી અગ્નિવડે પ્રદીપ્ત ( પ્રજ્વલિત ) થયેલાઓને ઘર, નગર અને ઉદ્યાન પ્રદીપ્ત થાય છે-( લાગે છે. ) સર્વ પ્રદીપ્ત થયેલું છે. (તમારા શત્રુઓને ચંદન-વિલેપન, ચંદ્રિકા વગેરે પણ સંતાપના હેતુભૂત થયેલ છે. ) ૧૦૩

" ક્ષોભ વિનાના હે મહારાજા ! જો તમે સ્વર્ગ માટે લુબ્ધ થાવ, અથવા નાગેન્દ્ર-લોક ( પાતાલ ) નિમિત્તે લોભ રાખો; તો હું સંભાવના કરું છું કે ઇંદ્ર ક્ષોભ પામે, વાસુકિ(નાગ) ક્ષોભ પામે ( કે આ અહીં પણ રહેવા નહિ દે-એવા આશયથી આ ક્ષોભ પામે છે. ) ૧૦૪

" હે સ્વામી ! મેં ભક્તિથી આરંભ કરીને આપ પ્રત્યે (આપના) દાસપણાનો આરંભ કર્યો છે અને આરંભ કરેલા દાસપણાનો નિર્વાહ હું નિશ્ચે કરીશ; તો ઉપાલંભ ક્યાંથી ? (એવી રીતે મારી વચનીયતા-નિંદા કોઈ પણ પ્રકારે નહિ થાય). ૧૦૫

" હે મહારાજા ! (આપના જેવા) મોટાઓ, ઉપાલંભને યોગ્ય એવા પણ મારા જેવા માણસને ઉપાલંભ આપતા નથી (વિરૂપક પ્રતિપાદન કરતા નથી-ઠપકો આપતા નથી); પરંતુ જો હું કોઈ પણ પ્રકારે અભક્ત (અવજ્ઞા કરનાર) થાઉં, તો ઉપાલંભ આપવા યોગ્ય છું (શિક્ષણીય છું). ૧૦૬ "

[સાંધિવિગ્રહિકે કરેલી] એવા પ્રકારની વિજ્ઞપ્તિ સાંભળીને રાજા (કુમારપાલ) મધ્યરાત્રિના સમયે મહામૂલ્યવાળા શયન પર સૂતા. ૧૦૭ "

—સમકાલીન પ્રામાણિક આચાર્ય શ્રીહેમચંદ્રે,'કુમારપાલચરિત' નામના પ્રાકૃત દ્વયાશ્રય મહાકાવ્યના છઠ્ઠા સર્ગમાં ઉપર્યુક્ત મહત્ત્વનું ઐતિહાસિક ઉપયોગી વર્ણન કર્યું છે. એ વાંચતાં-વિચારતાં ગૂજરાતની તત્કાલીન પ્રભુતાનો સહજ ખ્યાલ થઈ શકે છે. ઉદયન-વિહારની પ્રશસ્તિમાં ( શ્લો. ૭૧માં) નૃપતિના પ્રતાપનું સંક્ષેપમાં સૂચન છે. **( ક્રમશ: )**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીરાવલા પાર્શ્વનાથ તીર્થ-

## સ્થાપનાનો સમય

લેખક: **શ્રીયુત અગરચંદજી નાહટા**

**સં**. ૧૯૯૭ માં પં. લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી લિખિત 'પાવાગઢથી વડોદરામાં પ્રગટ થયેલા જીરાવલા પાર્શ્વનાથ' નામક એક મહત્ત્વપૂર્ણ ગ્રંથ પ્રકાશિત થયો હતો, જેમાં પંડિતજીએ પૂરતી શોધ અને શ્રમ કરીને મેળવેલી સમગ્ર સામગ્રીના આધારે જીરાવલા પાર્શ્વનાથ સંબંધી સારી જાણકારી પ્રકાશિત કરી હતી. આપણાં પ્રત્યેક જૈન તીર્થોનો, આબૂ, શંખેશ્વર તેમજ આ જીરાવલા તીર્થ સંબંધી ગ્રંથ જેવા જ શોધપૂર્ણ ઇતિહાસ ગ્રંથો પ્રગટ કરવાની જરૂરત છે.

પંડિતજીએ આ ગ્રંથમાં જીરાવલા પાર્શ્વનાથની તીર્થસ્થાપનાના સંબંધમાં 'ઉપદેશ-સપ્તતિ,' 'જીરિકાપલ્લી પાર્શ્વસ્તવ–ટીકા,' તેમજ 'વીર વંશાવલી'ના આધારે પ્રકાશ નાખતાં પ્રથમનાં બંને પ્રમાણોમાં પ્રતિમાનું પ્રગટ થવું તેમજ તીર્થસ્થાપનાનો સમય સં૦ ૧૧૦૯ સ્પષ્ટ હોવા છતાં સં. ૧૧૯૦ નો અધિક સંભવ માન્યો છે, તેથી જ ઉક્ત બંને ગ્રંથોના પ્રમાણ સ્વરૂપ જ્યાં સં. ૧૧૦૯ લખ્યો છે, ત્યાં કૌંસમાં બંને સ્થળે પોતાના તરફથી ૧૧૯૦ પણ લખી દીધો છે. પંડિતજીની આ સંભાવનાનાં બે કારણો પ્રતીત થાય છે.

(૧) 'વીર વંશાવલી'માં સં. ૧૧૯૧ નો ઉલ્લેખ છે. તેમજ (૨) સં. ૧૧૦૯ ના ધાંધલને ફલોધિ પાર્શ્વનાથ તીર્થને પ્રગટ કરનારા' (સં. ૧૨૦૪ વાળા) ધાંધલને એક માની લીધાનું જણાય છે. વાસ્તવમાં પંડિતજીની આ સંભાવના સાચી નથી. અમારા સંગ્રહમાં 'ઉપદેશ સપ્તતિ' થીયે પહેલાં રચાયેલી 'જીરાવલી પાર્શ્વનાથ દ્વાત્રિંશિકા' નામક સ્તવન છે; જેની પ્રતિ સં. ૧૪૯૩ માં લખાયેલી છે. આ સ્તવનના અંતિમ પદ્યમાં 'વિજય' શબ્દ આવે છે જે સંભવતઃ ખરતરગચ્છીય વિજયતિલકના નામનું સૂચક છે. આ વિજયતિલક ઉપાધ્યાય પંદરમી શતાબ્દીના પૂર્વાર્ધના વિદ્વાન છે, આથી આ દ્વાત્રિંશિકાનો રચનાકાળ પણ એ જ હોવો જોઈએ. આ રચનામાં જીરાવલા તીર્થ સ્થાપનાનો નિમ્નોક્ત પદ્યમાં ઉલ્લેખ મળી આવે છેઃ—

**"થપ્પિઉ તહિ થિર લગતિ મહૂરતિ,**
**પાર્શ્વ જિણેસર મૂરતિ પૂરબ મુખ નવરંગ. ૧૫**
**સિરિ વિક્રમ નવુત્તર સંવત્,**
**જિણવર ઉવણ અનંતર જે સુહ કિંકરદેવ;**
**કરઈ તેજ પ્રભુ કેરઈ તીરથિ,**
**ભવસાયર ઉત્તારણ તીરથ, તીરથિયા થિર સેવ." ૧૬**

અમારા સંગ્રહની પ્રતિમાં આ દ્વાત્રિંશિકાનાં પ્રારંભનાં ૧૪ પદ્યો નથી; નહિતર બીજીયે કંઈક મહત્ત્વપૂર્ણ સૂચનાઓ મળી શકત. આગળના પદ્યાંક: ૨૦ માં સં. ૧૩૬૮ માં સુલતાનનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૈન્ય જાલોરથી અહીં આવ્યું અને આ તીર્થને ધક્કો પહોંચાડ્યો એ સંબંધી ઉલ્લેખ આ પ્રકારે છે:—

" અહ તેરહ અડસઠ્ઠા વરસહિ, સુરતાણીહ દલ અમરસ વરિસિહિં,
ઉક્કર સિહિ અઇપુઠ્ઠ; અણજાણિયઉ જાલુરહ હુંતા,
જીણિ ઉલિ વેગિ પહુતા જમદૂત જિમ દુઠ્ઠ." ૨૦

શ્રી. લાલચંદ્ર ભગવાનદાસ ગાંધીના ઉપર્યુક્ત ગ્રંથ પૃષ્ઠ: ૮૫ માં જે રચના 'પાર્શ્વનાથ વિવાહલઉ'ના નામે આદિ–અંત આપવામાં આવ્યા છે, તે વાસ્તવમાં આ દ્વાત્રિંશિકાથી અભિન્ન જ છે. આથી પાટણ વગેરેના ભંડારમાંથી જે પ્રતિમાં આ વિવાહલઉ હોય, તે શીઘ્ર પ્રકાશિત કરવો જોઇએ.

આ રચના સિવાય પલ્લીવાલગચ્છનો એક સંગ્રહ ગુટકો અહીંના બૃહત્ જ્ઞાન ભંડારમાં છે, તેમાં પણ જીરાવલા તીર્થસ્થાપનાનો સમય સં. ૧૧૦૯ જ બતાવવામાં આવ્યો છે.

" वि. ११०९ जीराउला तीर्थ "

આથી ગાંધીજીએ જે સં. ૧૧૯૦ ની સંભાવના કરી છે, તે ઉચિત પ્રતીત નથી થતી. 'વીરવંશાવલી' તો ગત શતાબ્દીની જ રચના છે. માટે પ્રાચીન પ્રમાણોની વિદ્યમાનતામાં તેમનું કથન માન્ય કરી શકાય એમ નથી.

ગાંધીજીએ ઉક્ત ધારણાના કારણે જ પોતાના ગ્રન્થના પૃષ્ઠ: ૯૩–૯૪માં લખ્યું છે કે– 'સં. ૧૧૮૬ માં ધર્મસૂરિની પાસે વ્રતગ્રહણ કરનારા ધાંધલ જ ફલોધિ અને જીરાવલા બંને તીર્થોના પ્રાદુર્ભાવક છે,'–આ સંભાવના જ્યારે કે જીરાવલા પાર્શ્વનાથની સ્થાપનાનો સમય સં. ૧૧૦૯ સિદ્ધ થાય છે ત્યારે આપમેળે સમાપ્ત થઈ જાય છે.

## એક આવશ્યક સ્પષ્ટીકરણ

ગાંધીજીના આ ગ્રંથના પૃષ્ઠ: ૬૭ થી ૭૧માં મારા સંગ્રહની જે પ્રતિથી 'મેરુનંદન'ના 'જીરાવલી પાર્શ્વનાથ ફાગુ'ને પ્રકાશિત કર્યું છે તે પ્રતિને સં. ૧૫૧૯માં લખાયેલી બતાવવી એ પણ ભ્રામક છે.

પૃષ્ઠ: ૭૧–૭૨માં ઉલ્લેખાયેલ પત્રાંક: ૨૬૪, ૨૭૩, ૨૭૪ વાળી પ્રતિ જ પત્રાંક: ૨૮૮–૨૯૦ માં આ ફાગુને માની લેતાં આ ભૂલ થયેલી છે.[1] વાસ્તવમાં ફાગુવાળી પ્રતિ તેનાથી ભિન્ન જ છે. જે પ્રતિમાં જે ફાગુ છે, તેના પ્રારંભના સૂચિપત્રવાળા પૃષ્ઠમાં લેખનપુષ્પિકા આ પ્રકારે આપેલી છે:—

" ॥ ॐ ॥ संवत् १४९३ वर्षे वैशाख मासे प्रथमपक्षे ८ दिने सोमे श्रीबृहत्खरतरगच्छे श्रीजिनभद्रगुरौ विजयमाने श्रीकीर्तिरत्नसूरीणां शिष्येण शिवकुंजरमुनिना निजपुण्यार्थं स्वाध्याय-पुस्तिका लिखिता । चिरं नंदतात् । श्रीयोगिनीपुरे ॥ श्रीः ॥"

૧. સંવત ૧૫૧૯ વાળી જે પ્રતિનો પત્રાંક: ૨૬૪, ૨૭૩, ૨૭૪માં વિજ્ઞપ્તિક્રમ છે તેનો પત્રાંક: ૨૮૮–૯૦ માં ભક્તામર લખેલું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એક જૈન ગ્રંથમાં

## કુરાનની કથા

લેખક: **શ્રીયુત ભંવરલાલજી નાહટા**

⊙

વિશ્વપ્રેમ અને મૈત્રીભાવ માટે જૈનધર્મનો ઔદાર્ય ગુણ ખૂબ પ્રસિદ્ધ છે. પોતાના વિરોધી વિચારવાળાં દર્શનો પ્રતિ પણ જૈન ધર્માવલંબીઓ અને જૈનાચાર્યોએ કદી ઘૃણાભાવ ન રાખતાં તેમના ગુણોનો આદર કરી અપનાવ્યાં છે. જૈન ધર્મગુરુઓને સ્વશાસ્ત્ર અને પર-શાસ્ત્રમાં પારંગત બનવું જરૂરી બતાવવામાં આવ્યું છે. એ જ કારણ છે કે, તેની દાર્શનિક ભૂમિકા ખૂબ સુદૃઢ રહી છે. તેઓ બધા જૈનેતર ધર્મ અને બધા વિષયોના ગ્રંથોનું તલસ્પર્શી અધ્યયન કરતા હતા. જે જેટલા અધિક ઉદાર થાય, તે એટલા દાર્શનિક વિચારધારાનું આદાનપ્રદાન કરીને પોતાની લોકપ્રિયતા અને હાર્દિક નિર્મળતામાં અભિવૃદ્ધિ કરી શકતા હતા. સ્વયં ભગવાન મહાવીરે વૈદિક ધર્માનુયાયી અગિયાર મહાદિગ્ગજ પંડિતોને તેમની વેદોક્ત ઋચાઓ દ્વારા પ્રતિબોધ કરીને હજારો શિષ્યપરિવાર સાથે પોતાના મુખ્ય શિષ્યો બનાવ્યા હતા. ગણધરવાદ આ વાતનું જ્વલંત ઉદાહરણ છે. કોઈ પણ પ્રતિસ્પર્ધીને સમજાવવા માટે તેમને જો માન્ય ધર્મગ્રંથોનાં ઉદાહરણો આપવામાં આવે તો તે જલદીથી સમજી લે એ ખાતર જૈનાચાર્યોએ જૈનેતર પૌરાણિક દૃષ્ટાંતો તથા લોકકથાઓનો પ્રચૂરતાથી ઉપયોગ કર્યો છે. એ વાત નિર્વિવાદ છે કે, તિરસ્કારથી તિરસ્કાર વધે છે અને પ્રેમવ્યવહારથી પ્રેમ વધે છે. કોઈ પણ ભાષા સાથે તિરસ્કાર રાખવો ઠીક નથી; તે તો કેવળ વિચાર પ્રકાશનું માધ્યમ છે. Water વૉટર અને પાણીમાં જેટલું અંતર છે તેટલું જ ખુદા અને પરમેશ્વરમાં છે; તો પછી એને માટે એની પાછળ કજિયો શા માટે? જૈન મનીષીઓએ આ વાસ્તવિકતા સમજી લીધી અને ફારસી આદિ યાવની ભાષાઓનું પણ તેમણે અધ્યયન કર્યું અને એ ભાષાઓમાં સ્તવન, છંદ વગેરે વિવિધ કૃતિઓ રચી.[1]

જૈન વિદ્વાનોએ જૈનેતર ગ્રંથોનું પઠન-પાઠન, લેખન અને સંગ્રહ વગેરે સુધી સીમિત ન રહેતાં જૈનેતર ગ્રંથો પર પર્યાપ્ત જૈન ટીકાઓ રચી છે. જે જમાનામાં 'કુરાન શરીફ' જેવા યવનોના પવિત્ર ગ્રંથોને સ્પર્શવું એ ધર્મભ્રષ્ટ થઈ જવાનું માનવામાં આવતું, ત્યારે જૈનાચાર્યોએ ગુણાનુરાગવશ તેમાંની કથાઓને પણ પોતાના ધર્મગ્રંથોમાં સ્થાન આપ્યું. અહીં જેની આલોચના કરવામાં આવી છે તે કથા 'કુરાન શરીફ'થી લીધી છે.

જૈનધર્મનો અપરિગ્રહવાદ સર્વવિદિત છે. ગૃહસ્થોને માટે જરૂરિયાત ઉપરાંત સંગ્રહ કરવો જ્યાં પાપ માનવામાં આવ્યું છે, ત્યાં પોતાના સાહિત્યમાં સેંકડો ઉદાહરણો હોવા છતાં વાચક સૂરચંદ્રે યવન-કથાને પોતાના 'પદૈકવિંશતિ'ગ્રંથમાં સંસ્કૃતના ૩૪ શ્લોકોમાં ગુંફિત કરી છે. "મીયા સલેમા બીબી ફતૂ ઉદાહરણ" એ શીર્ષકવાળી કથાદ્વારા જનસાધારણને અલ્પ પરિ-ગ્રહમાં સંતોષી રહેવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. આ ગ્રંથમાં સંસ્કૃત શ્લોકોમાં નીચે મુજબના ફારસી શબ્દોનો પણ પ્રયોગ કરવામાં આવ્યા છેઃ—તસલીમ, મૂસા, ખુદા, અરજ,

૧. જુઓ: "ફારસી ભાષાકી જૈન રચનાયેં," પ્રકા૦ 'જૈનધર્મ પ્રકાશ' અને 'વાણી'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૈગંબર, દરવેશ, ખાલિક, કુતુબ, દુનિયાં, સોદાગર, ખાના, ભૂયસ્તિ ( બહિસ્ત ), દોજખ, મુદીર, ઔર ખુદે.

અંતમાં-' इति श्रीपदैकविंशतौ संतोषासंतोषोपरि सद्वस्तुनिषेधका सत्प्रार्थकसलेमा-फतूनाम्नोः कोराणिको दृष्टान्तः ' એમ લખ્યું છે.

## સલેમા અને ફતૂની કથા

જેને પરિગ્રહમાં વાંછા નથી તેને ઘેર લક્ષ્મી આવે છે અને જે ધનની વાંછા કરે છે તેને મૂળથીયે ચાલી જાય છે. આને મિયાં સલેમા અને બીબી ફતૂના વૃત્તાંતના ક્રમથી જાણવી.

" એક વાર ખુદાએ સ્વર્ગમાં મૂસા પેગંબરને કહ્યું: ' મૂસા ! તમે દુનિયાનાં આચરણ જોવા માટે જાઓ.' મૂસાએ ખુદાને પ્રણામ કરી વિદાય લીધી, અને ચરાચર મનુષ્ય લોકને જોવા માટે ગયો. રસ્તામાં એક સ્થળે ફતૂ નામે એક ડોસી મળી; જે વસ્ત્રો ન હોવાથી પોતાનું અંગ ધૂળથી ઢાંકીને બેઠી હતી અને મુખથી બોલી રહી હતી કે, 'ખુદા ! દો અને દેવરાવો.' મૂસાને જોઈને એણે કહ્યું: ' હે મૂસા ! તમે ખુદાને અરજ કરીને મને વસ્ત્ર અપાવો; જેથી ગુહ્યાંગ ઢાંકવાને કામ લાગે--ભલે પછી તે જૂનું હોય.મારી ઉદરપૂર્તિ માટે પણ પ્રાર્થના કરજો.'

એ પછી મૂસા આગળ વધ્યો અને સલેમાના ઘરની સામે પહોંચ્યો. દરવાજે મૂસાને ઊભો રહેલો જોઈ તે અભિવાદનપૂર્વક પોતાના ઘરમાં લઈ ગયો. તેના આદરસત્કારથી સંતુષ્ટ થઈ જ્યારે મૂસા આગળ ચાલવા લાગ્યો ત્યારે તેણે કહ્યું: ' હે પેગંબર મૂસા ! ખુદાને મારી અરજ કરજો કે, સલેમાના ઘેર કૃપા કરીને ધન ઓછું કરે જેથી નિશ્ચિંત બનીને તમારું ભજન કરી શકે.' મૂસા આગળ વધ્યો તો તેણે દરવેશોને જોયા. તેણે દરવેશોને કહ્યું: ' તમે ખુદાના ખાસ સેવક છો, જો ખુદાને કંઈ કહેવું હોય તો કહેજો.' દરવેશો ભૂખ્યા હતા. તેમણે કહ્યું: 'અમારે માટે બે બકરી, દોઢ મણ ઘી અને ખાંડ અપાવશો, નહિતર, અમે તમને છોડીશું નહિ અને તમારું મસ્તક કૂતરાઓને ખવડાવીશું.'

આ પ્રકારે લોકોનું સ્વરૂપ જોઈને મૂસા ખુદાની પાસે આવ્યો અને પ્રણામ કરી ઊભો થયો. ખુદાએ પૂછ્યું: ' દુનિયા કેવી છે ? ' મૂસાએ કહ્યું: 'બધાયે આપના સેવક છે. હું આ વખતે ત્રણ વ્યક્તિઓને મળ્યો.' ખુદાના પૂછવાથી ફતૂ આદિની સાથે જે વાતો થઈ હતી તે તેણે ક્રમશઃ બતાવી. ખુદાએ કહ્યું: ' વૃદ્ધાને માટે તેં અધિક આપવા માટે કહ્યું પણ હું તેને ધૂળ સરખીયે નહિ આપું.' મૂસાએ પૂછ્યું કે 'તેનો શો અપરાધ છે?' ખુદાએ કહ્યું: ' એણે સુખી અવસ્થામાં કદી મારું નામ પણ લીધું નથી. પોતાની લિપ્સા અને લોભના કારણે હવે મારું નામ યાદ કરે છે. તે સ્વાર્થિની છે. તેનું નામ પણ ના લઈશ. સલેમાને માટે ફરીથી કહીશ તો હું તેનું ધન દશ ગણાથી સો ગણું વધારી દઈશ.' મૂસાએ કહ્યું: ' પ્રભુ ! જે નથી ઇચ્છતું તેને શા માટે વિપુલ ધન આપો છો ? ' ખુદાએ કહ્યું: 'આથી પહેલાં તેણે મારી ઘણી ભક્તિ કરી છે.' ફરીથી ખુદાએ કહ્યું: 'દરવેશોએ માગ્યું છે માટે ન આપીશ.' મૂસાએ કહ્યું: જેમ આપે સલેમા અને ડોસી પ્રત્યે અયુક્ત કર્યું છે તેમ દરવેશ જે અનૌપચત્યવાદી છે તેમને પણ છોડી દેવામાં આવે ? ' ખુદાએ કહ્યું: ' મૂસા ! સ્વર્ગ અને નરક નામક જે બે ખાનાંઓ છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ते मारे धर्मसाधकोथी स्वर्गनुं अने जे देव-गुरुना निंदक द्रोही छे अने धर्मविरोधी लोको छे तेनाथी नरकनुं खातुं पूरवुं छे. दरवेशो पृथ्वी पर वेशधारी छे, तेओ अकर्मण्य, क्षुद्र अने मद्यप छे; दुराचारी, महाद्रोही अने घमंडी छे. आथी मारे तेमने नरकमां मोकलवा जोईए.'

धन्य, धन्य ! कहेनारा मूसादि सर्व पार्षद, खुदानी आज्ञाने शिरोधार्य करीने स्वस्थ चित्ते ऊभा रह्या.

हे मनुष्यो ! आ प्रकारे सलेमा अने फतू डोसीना संबंधनुं मनन करी अल्प परिग्रहमां रुचि राखो, जेथी सेलेमानी जेम धन वधे.

आ कथा जे 'पदैकविंशति' ग्रंथमांथी लेवामां आवी छे तेमां 'महाभारत' वगेरेनी केटलीये पौराणिक कथाओ पण छे. आ ग्रंथनी हजी सुधी अपूर्ण प्रति ज मळी आवी छे. आना रचयिता सुरचंद्र गणी खरतरगच्छीय सुकवि विक्रमनी सत्तरमी सदीमां थया छे. तेमणे रचेला जैन तत्त्वसार-सटीक, स्थूलभद्रचरित्र महाकाव्य, पंचतीर्थश्लेषालंकार, चित्र-स्तवन वगेरे घणा विद्वत्तापूर्ण ग्रंथो छे. तेमनो ग्रंथ-रचनाकाळ सं. १६५९ थी १६९३ नो छे.

कोई पण जैन विद्वाने 'कुरान-शरीफ'मांथी कथा उद्धृत करी होय तो तेनुं आ ज एक उदाहरण जाणवामां आव्युं छे. आ ग्रंथमां सुरचंद्रे पौराणिक कथा पण आपी छे, जे कोई वखते पछीथी आपीशुं.

★

[ अनुसंधान पृष्ठ : १६८ थी चालु ]

खुलासो पण करवामां आव्यो छे के पाप करीने मनुष्यने पस्तावो थाय छे के अरे, में पाप कर्युं, तेथी तेनी वृद्धि थती नथी, पण सारुं कर्म करीने मनुष्यने पस्तावो नहि थतां प्रमोद थाय छे तेनुं पुण्य उत्तरोत्तर वृद्धिने पामे छे.

बौद्ध धर्ममां मानवामां आव्युं छे के जीवोनी जे विचित्रता छे ते कर्मकृत छे. ए कर्मनी उत्पत्तिमां कारण जैनोनी जेम बौद्धोए पण राग-द्वेष अने मोहने मान्यां छे. राग-द्वेष-मोहयुक्त थईने प्राणी मन, वचन, कायानी प्रवृत्ति करे छे, अने ए प्रमाणे संसारचक्र प्रवर्तमान थाय छे. ए चक्रनी आदि नथी पण ते अनादि छे.

'विसुद्धिमग्ग'मां कर्मने अरूपी कहेवामां आव्यां छे, पण 'अभिधर्मकोष'मां अविज्ञप्तिने रूप कह्युं छे, अने रूप सप्रतिघ छे. सौत्रान्तिक मते कर्मनो समावेश अरूपमां छे, तेओ अविज्ञप्तिने नथी मानता. मन, वचन, कायानी प्रवृत्तिने पण कर्म कहेवाय छे, पण ते तो विज्ञप्तिरूप प्रत्यक्ष छे, एटले कर्म शब्द अहीं मात्र प्रत्यक्ष प्रवृत्ति अर्थमां लेवानो छे, पण ए प्रत्यक्ष कर्मजन्य संस्कारने अहीं कर्म समजवानुं छे. बौद्धोनी परिभाषामां तेने वासना अने अविज्ञप्ति कहेवामां आवे छे. मानसिक क्रियाजन्य संस्कारने-कर्मने वासना अने वचन तथा कायजन्य जे संस्कार-कर्म छे तेने अविज्ञप्ति कहेवामां आवे छे. एटले विज्ञानवादी बौद्धोए कर्मने "वासना" शब्दथी ओळखाव्युं छे. प्रज्ञाकरे जणाव्युं छे के, जेटलां कार्यो छे ते बधां वासनाजन्य छे. विश्वनुं वैचित्र्य घटाववुं होय तो वासनाने मान्या विना चालतुं नथी. (चालु)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કર્મ મીમાંસા

લેખક : માસ્તર શ્રીયુત ખુબચંદ કેશવલાલ શીશોહી

O

[ કર્મના અસ્તિત્વ અંગે આ અને હવે પછીના અંકમાં પ્રથમ અન્ય દર્શનોમાં દર્શાવેલ હકીકત રજૂ કર્યા બાદ જૈન દર્શનમાં દર્શાવેલ હકીકત રજૂ થશે. ]

## [ લેખાંક ૧લો ]

**સમસ્ત** જીવો સંસારમાં વર્તે છે, તેને આત્મત્વપણું સમાન છે. પણ તેમાં કોઈક દેવતા છે, કોઈક નારકી છે, કોઈક તિર્યંચ છે, કોઈક મનુષ્ય છે–એમ નર, નારક, તિર્યંચ અને મનુષ્યરૂપ ભેદે એની વિચિત્રતા છે. વળી મનુષ્યત્વ સર્વ મનુષ્યમાં સમાન છે, છતાં તેમાં કોઈ રાજા છે, કોઈ રંક છે, કોઈક પંડિત છે, કોઈક મૂર્ખ છે, કોઈક મહર્દ્ધિક છે, કોઈક સ્વરૂપવાન છે, કોઈક કુરૂપવાન છે–ઇત્યાદિ જે વિચિત્રપણું છે તે નિર્હેતુક નથી પણ હેતુ સહિત જ છે. તે હેતુને કર્મ કહે છે.

પૃથ્વીના બધા ભાગોમાં બધા દર્શનકારોએ પોતાની પ્રરૂપણમાં કર્મવાદ સ્વીકાર્યો છે, પરંતુ ભારતીય દર્શનોમાં તેનું સ્થાન વિશેષપણે છે. ભારતીય દર્શનોમાં અન્ય વિષયો અંગે અનેકવિધ ભિન્નતા અને વિરુદ્ધતા હોવા છતાં કર્મવાદ વિષે બધા પ્રાયઃ એકમત છે. અર્થાત્ મનુષ્ય જે કાંઈ વાવે એનાં જ ફળ એ મેળવે એ સંબંધે ભારતીય દર્શનો પૈકી કોઈનો વિરોધ નથી. એક વેદપંથી કવિ શિહલન મિશ્ર કહે છે કેઃ—

" आकाशमुत्पततु गच्छतु वा दिगन्त–
मम्भोनिधिं विशतु तिष्ठतु वा यथेष्टम् ।
जन्मान्तरार्जितशुभाशुभकृन्नराणां,
छायेव न त्यजति कर्म फलानुबन्धि ॥ "

આકાશમાં ઊડી જાઓ, દિશાઓની પેલી પાર જાઓ, દરિયાના તળીયે જઈને બેસો, મરજીમાં આવે ત્યાં જાઓ પણ જન્માંતરમાં જે શુભાશુભ કર્મ કર્યાં હોય છે તેનાં ફળ તો છાયાની જેમ તમારી પાછળ જ આવવાનાં. એ તમારો ત્યાગ નહિ કરે.

દાર્શનિકોએ કર્મના પ્રકાર વિવિધ રીતે કર્યા છે. પણ પુણ્ય–પાપ, શુભ–અશુભ, ધર્મ–અધર્મ એ રીતે કર્મના ભેદો તો બધાં દર્શનોમાં માન્યા છે. એટલે એમ કહી શકાય કે કર્મના પુણ્ય–પાપ અથવા તો શુભ–અશુભ એવા જે બે ભેદો પાડવામાં આવે છે એ પ્રાચીન છે. પ્રાણીને જે કર્મનું ફળ અનુકૂળ જણાય છે તે પુણ્ય અને પ્રતિકૂળ જણાય છે તે પાપ, એવો અર્થ કરવામાં આવે છે અને એ રીતના ભેદો ઉપનિષદ્, જૈન, સાંખ્ય, બૌદ્ધ, યોગ, ન્યાય, વૈશેષિક એ બધામાં મળે છે. આમ છતાં વસ્તુતઃ બધાં દર્શનોએ પુણ્ય હોય કે પાપ એ બન્ને કર્મને બંધન જ માન્યાં છે અને એ બન્નેથી છૂટકારો પ્રાપ્ત કરવો એ ધ્યેય સ્વીકાર્યું છે. આથી જ કર્મજન્ય જે અનુકૂલ વેદના છે તેને પણ વિવેકી જનો સુખ નહિ પણ દુઃખ જ માને છે. કર્મના પુણ્ય–પાપરૂપે બે ભેદ એ વેદનાની દૃષ્ટિએ કરવામાં આવે છે. વેદના સિવાયની અન્ય દૃષ્ટિએ પણ કર્મના પ્રકારો કરવામાં આવે છે. વેદનાને નહિ પણ અન્ય કર્મને સારું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નરસું માનવાની દૃષ્ટિને સામે રાખીને બૌદ્ધ અને યોગદર્શનમાં કૃષ્ણ, શુક્લ, શુક્લકૃષ્ણ, અને અશુક્લાકૃષ્ણ એવા પણ ચાર પ્રકાર કરવામાં આવે છે. અમાંયે કૃષ્ણ એ પાપ, શુક્લ એ પુણ્ય; શુક્લકૃષ્ણ એ પુણ્ય-પાપનું મિશ્રણ છે, પરંતુ " અશુક્લાકૃષ્ણ " એ એમાંથી એકેય નથી. આ ચોથો પ્રકાર વીતરાગ પુરુષને હોય છે, અને તેનો વિપાક સુખ કે દુઃખ કશું જ નથી. કારણ કે તેમનામાં રાગ કે દ્વેષ હોતા નથી.

આ ઉપરાંત કર્મના ભેદો કૃત્ય-પાકદાન અને પાકકાલની દૃષ્ટિએ પણ કરવામાં આવે છે. કૃત્યની દૃષ્ટિએ ચાર, પાકદાનની દૃષ્ટિએ ચાર અને પાકકાલની દૃષ્ટિએ ચાર એમ બાર પ્રકારના કર્મનું વર્ણન બૌદ્ધોના ' અભિધર્મ 'માં અને ' વિશુદ્ધિમાર્ગ 'માં સામાન્ય છે. વળી અભિધર્મમાં પાકસ્થાનની દૃષ્ટિએ પણ કર્મના ચાર ભેદ અધિક ગણાવ્યા છે. બૌદ્ધોની જેમ પ્રકારની ગણતરી તો નહિ પણ તે તે દૃષ્ટિએ કર્મોનો સામાન્ય વિચાર ' યોગ દર્શન 'માં પણ મળે છે. બૌદ્ધોને મતે કૃત્યે કરીને કર્મના જે ચાર ભેદ કરવામાં આવ્યા છે તેમાં એક જનક કર્મ છે અને બીજું તેનું ઉત્થંભક છે. જનક કર્મ તે નવા જન્મને ઉત્પન્ન કરીને વિપાક આપે છે, પણ ઉત્થંભક વિપાક આપતું નથી, પણ બીજાના વિપાકમાં અનુકૂળ બની જાય છે,

ત્રીજું ઉપપીડક છે જે બીજા કર્મના વિપાકમાં બાધક બની જાય છે અને ચોથું ઉપઘાતક તો અન્ય કર્મના વિપાકનો ઘાત કરીને પોતાનો જ વિપાક દર્શાવે છે.

પાકદાનના ક્રમને લક્ષીને બૌદ્ધમાં જે પ્રકાર કરવામાં આવ્યા છે તે આ પ્રમાણે છે. ગરુક-બહુલ અથવા આચિણ્ણ-આસન્ન અને અભ્યસ્ત. આમાં ગરુક અને બહુલ એ બીજાના વિપાકને રોકીને પ્રથમ પોતાનું ફળ આપી દે છે. આસન્ન એટલે કે મરણ કાળે કરાયેલ. તે પણ પૂર્વકર્મ કરતાં પોતાનું ફળ પ્રથમ જ આપી દે છે. પહેલાંનાં ગમે તેટલાં કર્મ હોય પણ મરણકાળ સમયનું જે કર્મ હોય છે તેને આધારે જ નવો જન્મ શીઘ્ર પ્રાપ્ત થાય છે. ઉક્ત ત્રણેના અભાવમાં જ અભ્યસ્ત કર્મ ફળ આપી શકે છે એવો નિયમ છે. પાકકાળની દૃષ્ટિએ બૌદ્ધોએ કર્મના જે ચાર ભેદ કર્યા છે તે આ પ્રમાણેઃ—

૧. દૃષ્ટિધર્મ વેદનીય—વિદ્યમાન જન્મમાં જેનો વિપાક મળી જાય.
૨. ઉપપજ્જવેદનીય—જેનું ફળ નવો જન્મ લઈને મળે છે તે.
૩. અહોકર્મ—જે કર્મનો વિપાક જ ન હોય.
૪. અપરાપરવેદનીય—અનેક ભવોમાં જેનો વિપાક મળે તે.

પાક સ્થાનની દૃષ્ટિએ પણ બૌદ્ધોએ કર્મના ચાર ભેદ કહ્યા છે. અકુશલનો વિપાક નરકમાં, કામાવચર કુશલ કર્મનો વિપાક કામ સુગતિમાં, રૂપાવચર કુશલકર્મનો વિપાક રૂપી બ્રહ્મલોકમાં અને અરૂપાવચર કુશલકર્મનો વિપાક અરૂપ લોકમાં મળે છે.

બૌદ્ધોએ કુશલ કર્મને અકુશલ કર્મ કરતાં બળવાન માન્યું છે. આ લોકમાં પાપીને અનેક પ્રકારની સજાથી દુઃખ ભોગવવાં પડે છે અને પુણ્યશાલીને તેના પુણ્ય કૃત્યનું ફળ ઘણી વાર આ જ લોકમાં મળતું નથી. તેનું કારણ જણાવ્યું છે કે પાપ એ પરિમિત છે તેથી તેનો વિપાક શીઘ્ર પતી જાય છે, પણ કુશલ એ વિપુલ હોવાથી તેનો પરિપાક લાંબા કાલે થાય છે. વળી કુશલ અને અકુશલ એ બન્નેનું ફળ પરલોકમાં મળે છતાં અકુશલ વધારે સાવદ્ય છે, તેથી તેનું ફળ પણ અહીંજ મળી જાય છે. પાપ કરતાં પુણ્ય બહુતર શા માટે છે તેનો

[ જુઓ ; અનુસંધાન પૃષ્ઠ : ૧૬૬ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ટ્રસ્ટોનું દ્રવ્ય બીજા કામમાં વાપરી શકાશે નહિ.

મુંબઈ રાજ્ય ધારાસભાએ મુંબઈ-રાજ્ય પબ્લીક ટ્રસ્ટ એક્ટ (૧૯૫૦) પસાર કરીને તેનો અમલ પણ ચાલુ કર્યો છે. આ વિષયમાં ઘણાઓની ફરિયાદ હતી કે આ કાયદો ભારત પાર્લામેન્ટના ધારા ૨૫-૨૬ નો વિરોધ કરનારો હોવાથી કાયદેસર નથી. આથી આ વિષયનો નિર્ણય કરાવવા માટે મુંબઈ રાજ્યના પાંચ લાખ રૂપિયાના એક જૈન મંદિરના ટ્રસ્ટી શ્રી. રતિલાલ પાનાચંદ ગાંધી અને પારસી પંચાયત તરફથી સર શાપુરજી બમનજી બીલીમોરિયાએ એક ટેસ્ટ કેસ મુંબઈ હાઈકોર્ટમાં સને ૧૯૫૧ માં રજૂ કર્યો હતો કે આ એક્ટ (કાયદો) ભારત પાર્લામેંટના ધારા ૨૫-૨૬ અનુસાર ન હોવાથી કાયદેસર નથી તેમજ એક્ટની ૫૮ મી કલમમાં પબ્લીક ટ્રસ્ટોથી અમુક કર લેવાની સત્તા મુંબઈ સરકારને આપવામાં આવી છે. એવી સત્તા પ્રાપ્ત કરવાનો મુંબઈ ધારાસભાને હક નથી, વગેરે.

મુંબઈ હાઈકોર્ટે આ ટેસ્ટ કેસનો ફેંસલો આપ્યો હતો કે અરજદારોની બધી દલીલોનો અમે ઇન્કાર કરીને તેમની અરજ રદ કરવામાં આવે છે.

આથી અરજદારોએ ફરીથી આ ટેસ્ટ કેસની અપીલ સુપ્રીમ કોર્ટ દિલ્હીમાં કરી હતી; જ્યાં ફૂલ બેંચમાં એ સંભળાવીને ફૂલ બેંચના પ્રમુખ (ન્યાયમૂર્તિ) શ્રી. જસ્ટિસ મુખરજીએ આ કેસનો ફેંસલો તા. ૧૮-૩-૫૪ ના રોજ આ પ્રકારે આપ્યો હતો.

આ કાયદાથી સેક્સન ૪૪ અને સેક્સન ૪૭ ની ૧ થી ૬ કલમો કાયદા વિરુદ્ધ હોવાથી મુંબઈ હાઈકોર્ટ ચેરીટી કમિટી કમિશ્નરની નિયુક્તિ કોઈ પણ પબ્લિક (ધર્માદા) ટ્રસ્ટના ટ્રસ્ટીરૂપે કરી શકતી નથી તથા સેક્સન ૫૫-૫૬ નો અમુક ભાગ કાયદા વિરુદ્ધ હોવાથી જે પબ્લીક ટ્રસ્ટ જે કામને માટે ખર્ચ કરવા સ્થાપન કરવામાં આવ્યું હોય તે ટ્રસ્ટના દ્રવ્યનો વ્યય તેજ ઉદ્દેશ્ય સિવાય બીજા કામમાં ખર્ચ કરી નાખવાની સત્તા ચેરીટી કમિશ્નરને મુંબઈ હાઈકોર્ટ આપી શકતી નથી.

આનો અર્થ એ છે કે, આ ટેસ્ટ કેસ હતો તેથી આનો ફેંસલો બધા પબ્લિક ટ્રસ્ટો પર લાગુ પડે છે. આથી હવે એ સ્પષ્ટ થઈ ગયું કે, કોઈ પણ ટ્રસ્ટના ટ્રસ્ટી ચેરીટી કમિશ્નર પોતે થઈ શકતા નથી તથા જે ટ્રસ્ટ (દ્રવ્ય) જે ઉદ્દેશ્ય માટે સ્થાપન કરવામાં આવ્યું હોય તે સિવાય ગમે તેવા બીજા કામમાં તે દ્રવ્ય ખરચી નાખવાની સત્તા ચેરીટી કમિશ્નરને નથી.

ટ્રસ્ટની આવક પર કર લેવાની વાતને તો સુપ્રીમ કોર્ટે કાયમ રાખી છે. તેથી કર તો લેવાશે.

હા, કોઈ ટ્રસ્ટની અવ્યવસ્થા માલૂમ પડતાં સરકાર તેનો કબજો નહિ લઈ શકે, અને તે ટ્રસ્ટનું દ્રવ્ય બીજા કામમાં વાપરી નહિ શકે.

સારાંશ કે ઉપરોક્ત એક્ટમાં આ ફેંસલાથી એટલો સુધારો અવશ્ય થયો છે કે ધાર્મિક દ્રવ્યનો ઉપયોગ ગમે તેવા કાર્યોમાં કરવાની સત્તા ચેરીટી કમિશ્નરને નથી; એટલું સ્પષ્ટ થયું છે. આનાથી ધાર્મિક ટ્રસ્ટોનું દ્રવ્ય સુરક્ષિત રહીને તે તે જ કામને માટે ખરચી શકાશે કે જે કામને માટે ટ્રસ્ટમાં લખવામાં આવ્યું હોય.

સુપ્રીમ કોર્ટની ઉપર હવે કોઈ અપીલ નથી. આથી મુંબઈમાં પબ્લીક ટ્રસ્ટ એક્ટ તો ચાલુ છે જ પરંતુ બે કલમો રદ કરવામાં આવી છે, જે અસંત આવશ્યક હતી.

આ ટ્રસ્ટ કેસ રજૂ કરનારા બંને મહાનુભાવોનો બધા ટ્રસ્ટના ટ્રસ્ટીગણ જેટલો ઉપકાર માને તેટલો ઓછો છે. કેમકે, જો આ કેસ ન થાત તો જે નિર્ણય આવ્યો છે તે આવી શકત નહિં છતાં આ ન્યાય ઘણો મોંઘો પડ્યો છે. [ '**જૈનમિત્ર**' વર્ષ : ૫૫, અંક : ૨૫ માંથી ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shri Jaina Satya Prakasha. Regd. No. B. 3801 श्री जैन सत्य प्रकाश

# શ્રી જૈન સત્ય પ્રકાશ
## અંગે સૂચના

### યોજના

૧. શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ દ્વારા 'શ્રી. જૈન સત્ય પ્રકાશ' માસિક ૧૯ વર્ષ થયાં પ્રગટ કરવામાં આવે છે.

૨. એ સમિતિના આજીવન સંરક્ષક તરીકે રૂ. ૫૦૦) આ૦ દાતા તરીકે રૂ. ૨૦૦) આ૦ સદસ્ય તરીકે રૂ. ૧૦૧) રાખવામાં આવેલા છે. આ રીતે મદદ આપનારને માસિક કાયમને માટે મોકલવામાં આવે છે

### વિનંતિ

૧. પૂજ્ય આચાર્યાદિ મુનિવરો ચતુર્માસનું સ્થળ નક્કી થતાં અને શેષ કાળમાં જ્યાં વિહરતા હોય એ સ્થળનું સરનામું માસિક પ્રગટ થાય એના ૧૫ દિવસ અગાઉ મોકલતા રહે અને તે તે સ્થળે આ માસિકના પ્રચાર માટે ગ્રાહકો બનાવવાનો ઉપદેશ આપતા રહે એવી વિનંતિ છે.

૨. તે તે સ્થળોમાંથી મળી આવતાં પ્રાચીન અવશેષો કે ઐતિહાસિક માહિતીની સૂચના આપવા વિનંતિ છે.

૩. જૈનધર્મ ઉપર આક્ષેપાત્મક લેખો આદિની સામગ્રી અને માહિતી આપતા રહે એવી વિનંતિ છે.

### ગ્રાહકોને સૂચના

૧. "શ્રી જૈન સત્ય પ્રકાશ" માસિક પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થાય છે.

૨. આ માસિકનું વાર્ષિક લવાજમ રૂ. ૩) ત્રણ રૂપિયા રાખવામાં આવ્યું છે.

૩. માસિક વી. પી. થી ન મંગાવતાં લવાજમના રૂ. ૩) મનીઑર્ડરદ્વારા મોકલી આપવાથી અનુકૂળતા રહેશે.

૪. આ માસિકનું નવું વર્ષ દિવાળીથી શરૂ થાય છે. પરંતુ ગ્રાહક ગમે તે અંકથી બની શકાય.

૫. ગ્રાહકોને અંક મોકલવાની પૂરી સાવચેતી રાખવા છતાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં તપાસ કર્યા પછી અમને સૂચના આપવી.

૬. સરનામું બદલાવવાની સૂચના ઓછામાં ઓછા ૧૦ દિવસ અગાઉ આપવી જરૂરી છે.

### લેખકોને સૂચના

૧. લેખો કાગળની એક તરફ વાંચી શકાય તેવી રીતે શાહીથી લખી મોકલવા.

૨. લેખો ટૂંકા, મુદ્દાસર અને વ્યક્તિગત ટીકાત્મક ન હોવા જોઈએ.

૩. લેખો પ્રગટ કરવા ન કરવા અને તેમાં પત્રની નીતિને અનુસરીને સુધારોવધારો કરવાનો હક તંત્રી આધીન છે.

મુદ્રક : ગોવિંદલાલ જગશીભાઈ શાહ, શ્રી શારદા મુદ્રણાલય, પાનકોર નાકા, અમદાવાદ.
પ્રકાશક : ચીમનલાલ ગોકળદાસ શાહ.
શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ.

For Private And Personal Use Only